Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૮ મું. અંક ૧ લો. | ચૈત્ર સંવત ૧૯૭૯.

अनुक्रमणिका.


૧ વીરાને આશીર્વાદ. (પદ્ય) .... .... (સુંદર) ૧
૨ જ્ઞાનદાન. (પદ્ય) .... .... (અમૃતલાલ માવજી) ૨
૩ લક્ષ્મીની અસ્થિરતા વિષે. .... (મુ. કસ્તુરવિજય) ૩
૪ નવું વર્ષ. .... .... .... (તંત્રી.) ૪
૫ સુબોધ વાક્યો.... .... (સન્મિત્ર કર્પૂરવિજયજી) ૮
૬ આપણી ભાવી ઉન્નતિનાં સાધનો. (સ. ક. વિ.) ૧૧
૭ પુત્ર વધુપરીક્ષા. .... .... .... ૧૨
૮ સુક્ત વચનો-સારરૂપે.... .... .... ૧૩
૯ મહાવીરની કૈવલ્ય ( નિર્વાણ ) ભૂમિ. (શા. કાલેલકર) ૧૫
૧૦ સત્ય ઇતિહાસનો થતો અનાદર. (મુ. ન્યાયવિજય) ૧૮
૧૧ શ્રી જૈનધર્મપ્રકાશમહિમાષ્ટકમ્ (મુ. ચતુરવિજય) ૨૪
૧૨ ઉપરના અષ્ટકનો અર્થ. .... (પંડિત જગજીવનદાસ) ૨૬
૧૩ ભાવનગરમાં મહોત્સવ. .... .... .... (તંત્રી.) ૨૮
૧૪ શ્રી વેરાવળમાં દીક્ષા પ્રસંગે મોટી સખાવત. ૩૩
૧૫ હોળી કેમ ઉજવશો ? (જયંતિલાલ છબીલદાસ) ૩૪
૧૬ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં જૈન સાહિત્ય વિભાગ. ટાઇટલ પૃષ્ટ ૨ જું


વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૮-૦
પોસ્ટેજ રૂા. ૦-૪-૦
છુટક નકલ રૂા. ૦-૩-૦

પ્રગટકર્તા.
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

[illegible] પ્રી. પ્રેસમાં શા. [illegible] લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तकप्रसिद्धि खातुं.

१ છપાય છે.

૧ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૧ લું–૨ જું. આવૃત્તિ ત્રીજી.
૨ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી.
૩ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા. ભાષાંતર–વિભાગ ૨ જો.
૪ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૪ થો. સ્તંભ ૧૯ થી ૨૪.
૫ શ્રી વર્ધમાન દેશના. માગધી. ગાથાબંધ. સંસ્કૃત છાયા સાથે.
૬ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી.
૭ શ્રી પાક્ષિકસૂત્ર તથા શ્રમણસૂત્ર સંસ્કૃતછાયા તથા ગુજરાતી અર્થ સાથે.
૮ સૂક્તમુક્તાવળી (ધર્મવર્ગ), હિતશિક્ષા છત્રીશી વિગેરે.

૨ તૈયાર થાય છે.

૧ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૨ પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૨ જો. (નાના નાના પ્રકરણો–સાર્થ.)

---

## સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્–ભાવનગર.

### જૈન સાહિત્યવિભાગને અંગે જૈન સાક્ષરોને વિજ્ઞપ્તિ.

આ પરિષદ્ ભાવનગર ખાતે આવતા અકટોબર માસમાં એકત્ર મળવાની છે. તેની અંદર ૧ સામાન્ય સાહિત્ય વિભાગ, ૨ ઇતિહાસ વિભાગ, ૩ વિજ્ઞાન કળા વિભાગ અને ૪ જૈન સાહિત્ય વિભાગ–એમ ચાર વિભાગ રાખવામાં આવ્યા છે. તેને માટે જૈન સાહિત્યના સર્વે સાક્ષરોને તથા અભ્યાસીઓને માનપૂર્વક નિમંત્રણ કરવામાં આવેલ છે. તેથી જૈન સાક્ષરોએ નીચેના વિભાગો પૈકી કોઈપણ વિભાગને અંગે લેખ લખીને તા. ૩૧ મી ઓગષ્ટ સુધીમાં અમારી તરફ મોકલવો, તેમજ તે પ્રસંગ ઉપર અત્રે પધારવું. ચોકસ તારિખના ખબર આપવામાં આવશે.

જૈન સાહિત્ય વિભાગના પેટાભાગ આ પ્રમાણે જાહેર કરવામાં આવ્યા છે:—

૧ જૈન સાહિત્ય અને તેનો ઇતિહાસ, વિકાસ, સમાલોચના વિગેરે.
૨ જૈન ધર્મ અથવા સાહિત્યની હિંદુસમાજ ઉપર થયેલી અસર, પરસ્પર સંબંધ વિગેરે.
૩ જૈનદાનવીરો, રાજકુશળ પુરૂષો, કવિઓ, આચાર્યો વિગેરેના જીવન ચરિત્રો.
૪ જૈન ભૂગોળ અને જૈન ઇતિહાસની હિંદુઓના ઇતિહાસ અથવા ભૂગોળ સાથે સરખામણી, સમાલોચના વિગેરે.
૫ જૈનદર્શન–તુલનાત્મક. ૬ જૈનતીર્થો, ઇતિહાસ, શિલ્પકામ વિગેરે.
૭ જૈન સાહિત્ય અને બ્રાહ્મણ સાહિત્યની તુલનાત્મક સમાલોચના.
૮ જૈનાચાર્યોએ મુસલમાન રાજ્યકર્તાઓ ઉપર કરેલી અસર.

આમાંથી જે વિષયપર નિબંધ લખવા ઈચ્છા થાય તેનું નામ પ્રથમથી અમને લખી લેશો.

ચૈત્ર શુદિ ૧ સં. ૧૯૭૯

કુંવરજી આણંદજી.

...નિમંત્રણ કમીટીના સભ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
वहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ
ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા
વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ અમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૫૯ મું. ] ચૈત્ર-સંવત ૧૯૯૯. વીર સંવત ૨૪૬૯. [ અંક ૧ લો.

## " वीराने आशीर्वाद "

આશીષની ફુલમાળ,
વીરાને,
આશીષની ફુલમાળ.
ગતવર્ષમાં ત્હેં વિશ્વનાં વાંચકતણી સેવા કીધી,
લેખો લખ્યાં, કાવ્યો રચી, સદ્‌ગુણની શિક્ષા દીધી;
જ્ઞાન અમૃતની સરિતા, હૃદયમાંહિ વહાવજે,
મીઠા લલિત સુરથી બજાવી બંસી નિત્ય હસાવજે.
કૈં દિવ્ય વાત સુણાવજે;
શત વર્ષ બાપુ! જીવજે.
નિષ્કંટક તુજ પંથહો, લક્ષ્મી સરસ્વતી સહાય,
વેલી વધો તુજ યશતણી, જય જયકાર સદાય.
વીરા! લે, આશીષની ફુલમાળ.

"સુંદર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञान दान.

(રાગ બીહાગ.)

પ્રભુ વરસાવો જ્ઞાન રસાળ, (૨) હમ અંતરમાં ઉજમાળ. પ્રભુ૦
શાંત સ્વભાવે મતિ અનુકૂળા, સહુપર દ્રષ્ટિ સમાન;
અહિત કરવા અન્યતણું કદિ, ભૂલું નહીં નિજ ભાન. પ્રભુ૦
સુરનર સુખ મહા માંયાવી, દુઃખમય દુઃખ જંજાળ;
અચળ એક મુક્તિપથ જાવા, જ્ઞાન થજો તત્કાળ. પ્રભુ૦
ચાર ગતિમાં ચિંહુ દિશિ ફરીઓ, પામ્યો નહીં ભવપાર;
નિર્વેદી પદ પ્રાપ્તિ કાજે, ભય વારૂં સંસાર. પ્રભુ૦
દિલ દયા દુઃખીઆની આવે, અનુકંપાની છાપ;
પરહિત પરગુણ પ્રેમ વિલાસે, દૂર થજો સંતાપ. પ્રભુ૦
ભાવી લખ્યું મિથ્યા નવ થાયે, આવે હૃદયે ભાવ;
વિશુદ્ધ શ્રદ્ધાની દ્રઢતાએ, તરવા મળજો નાવ. પ્રભુ૦
અંધકાર અજ્ઞાન ભયંકર, તે થાજો વીસરાળ;
ચાર જ્ઞાન અનુભવ આળેખી, પ્રગટો પંચમ ભાણ. પ્રભુ૦
આર્ત રૌદ્ર દુર્ધ્યાનથી વીરમી, ધર્મ શુકલ હોય ધ્યાન;
આનંદ ઉજ્વળ પ્રગટો અંતર, પહોંચું નિશ્ચળ સ્થાન. પ્રભુ૦

શાહ અમૃતલાલ માવજી.

## લક્ષ્મીની અસ્થિરતા વિષે.

( ગઝલ. )

વસુમંતો વસુ પામી, થશો ના વિષયી કામી;
વિચારી વાત આ નામી, સહુ લક્ષ્મી જવાની છે. ૧
વસુના માનમાં ફુલી, જશો ના દુઃખીને ભૂલી;
જુઓ ને આંખથી ખુલી, સહુ લક્ષ્મી જવાની છે. ૨
સજ્જનતા કાં ન ઉર ધારો, અહો ના માર્ગ કાં સારો ?
વ્યર્થ કાં જીંદગી હારો, સહુ લક્ષ્મી જવાની છે. ૩
પોતાની પૂર્વની સ્થિતિ, વિસારી પાછલી રીતિ,
છોડો કાં ઈશની ભીતિ, સહુ લક્ષ્મી જવાની છે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસુના છાકમાં ભાઇ, છકો ના ભૂલને ખાઈ;
ર્‌હેશે ના પાસ એક પાઇ, સહુ લક્ષ્મી જવાની છે. ૫
વસુનો કેફ છે ભુંડો, માનો લવરી કરી રૂડો;
જશે લક્ષ્મીનું સુખ ઉંડું, સહુ લક્ષ્મી જવાની છે. ૬
ભિક્ષુને આંખથી ભાળો, દીઓ ના દીનને ગાળો;
થોડું પણ હાથથી આલો, સહુ લક્ષ્મી જવાની છે. ૭
હતી કંગાળીયત જયારે, અવસ્થા શી હતી ત્યારે;
વિસારો કેમ અત્યારે, સહુ લક્ષ્મી જવાની છે. ૮
ધર્મના માર્ગને છોડી, સહુ લક્ષ્મી તમે જોડી;
ત્હમારી છે ન એક કોડી, સહુ લક્ષ્મી જવાની છે. ૯
મળી લક્ષ્મી લઇ ગાડી, બનાવ્યા બંગલા વાડી;
જુઓ શું આંખને ફાડી, સહુ લક્ષ્મી જવાની છે. ૧૦
મોટરમાં બેસીને મ્હાલો, હવે ના પાદથી ચાલો;
ભલે ચ્હાનો પીઓ પ્યાલો, સહુ લક્ષ્મી જવાની છે. ૧૧
ગરીબોની કરી હાંસી, ત્હમે કયાં છુટશો ન્હાસી;
ર્‌હેશે નહિ રોટલો વાસી, સહુ લક્ષ્મી જવાની છે. ૧૨
વસુથી આંધળા થઇને, ગરીબને ખુબ દુઃખ દઇને;
પડો કાં ખાડમાં જઇને, સહુ લક્ષ્મી જવાની છે. ૧૩
સહુ જીવોના સુખ માટે, મળેલું દ્રવ્ય શું દાટે;
વાપરો નિત્ય શુભ વાટે, સહુ લક્ષ્મી જવાની છે. ૧૪
કરી લ્યો ચાર દી ચટકો, ઉદ્ધતાઇ તણો લટકો,
ર્‌હેશે ના વસ્રનો કટકો, સહુ લક્ષ્મી જવાની છે. ૧૫
ફેન્સી બાળને ઓળી, શરીરે સેન્ટને ચોળી;
ભરો કાં પાપની ઝોળી, સહુ લક્ષ્મી જવાની છે. ૧૬
કટુ ને મર્મની વાણી, વદી કાં થાઓ ધુળધાણી;
રહેશે ના કાંઇ એંધાણી, સહુ લક્ષ્મી જવાની છે. ૧૭
કઠણતા ઉરતણી તજશો, સ્તુતિના પાત્ર તો ઠરશો;
રમણતા ધર્મમાં કરશો, સહુ લક્ષ્મી જવાની છે. ૧૮
વિમળ ઉત્તમ કરો કામો, જગતમાં વાપરી દામો;
યશોને લક્ષ્મીથી પામો, સહુ લક્ષ્મી જવાની છે. ૧૯

મુનિ કસ્તુરવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नवुं वर्ष.

પરમાત્માની કૃપાથી અને સદ્ગુરૂની સુદૃષ્ટિથી તેમજ સુજ્ઞ બંધુઓની મિષ્ટ નજરથી આ માસિક પોતાની વયમાં અવિચ્છિન્નપણે વધારો કરતુંજ જાય છે. આજે ૩૮ વર્ષ પૂરા કરી, ૩૯મા વર્ષમાં તે પ્રવેશ કરે છે. માસિકનો મૂળ હેતુ જૈનવર્ગને સદ્બોધ આપવાનો છે. તેને જેમ બને તેમ પુષ્ટ કરવાનો પ્રયત્ન ઉત્પાદક સંસ્થા અને કાર્યવાહકો તરફથી કરવામાં આવે છે. નવા વર્ષમાં જેમ બને તેમ વધારે શ્રેષ્ઠ વિષયોરૂપ અલંકારોથી આ માસિકને વિભૂષિત કરવાની ઇચ્છા વર્તે છે. તે સંબંધી ઉદ્ગારો પ્રગટ કર્યા અગાઉ ગત વર્ષમાં કેટલો અને કેવો લાભ આપવામાં આવ્યો છે તે સંબંધી જરા જોઇ જવું યોગ્ય લાગે છે.

ગત વર્ષમાં પૃષ્ઠોની અંદર તો માત્ર ૪ પૃષ્ઠજ વધારે આપેલા છે; એટલે બાર અંકના કુલ ૩૮૪ ને બદલે ૩૮૮ પૃષ્ઠો આપેલા છે, પરંતુ લેખની સંખ્યામાં બહુ વૃદ્ધિ કરવામાં આવી છે. જો કે ઘણા લેખો નાના આપવામાં આવવાથી તેમ થયું છે, પરંતુ દરેક નાના લેખો પણ બહુજ ઉપયોગી અને ઉપદેશક આપેલા છે. ગત વર્ષમાં મૃત્યુનોંધ સાથે કુલ ૧૨૬ લેખો આવ્યા હતા, ત્યારે આ વર્ષ મૃત્યુનોંધને અંદર ગણ્યા શિવાય ૧૮૦ લેખો આપવામાં આવ્યા છે. તેની અંદર પદ્ય લેખો ૪૬ છે અને ગદ્ય લેખો ૧૩૪ છે. પદ્ય લેખોમાં મોટો ભાગ સુંદરલાલ ડાહ્યાભાઇનો છે, તેમના લેખો ૧૭ છે. ઓધવજીભાઇ ગીરધરના ૬ છે, સાંકળચંદ કવિના ૨ છે, ભાઇલાલ સુંદરજીના ૨ છે, મેઘજી વેલજીના ૨ છે અને બાકી નવ જુદાજુદા લેખકના ૯ છે, ૬ લેખો પ્રાચીન સ્તવન, સઝાય અને દુહાના છે, તેમાં બે લેખ કબીરવાણીમાંથી ઉદ્ધરેલા ૨૨–૨૨ દુહાઓના સન્મિત્ર કર્પૂરવિજયજીએ લખી મોકલેલા છે. ૯ લેખકના ૯ લેખો પૈકી પણ એક વિલાયતી પડસુદી વિષેનો એમનો લખેલો છે. એક મે. પટણી સાહેબનો બનાવેલો છે; તે નાનો છતાં બહુજ અસરકારક છે. પદ્ય લેખોએ હિતશિક્ષાને અંગે ઘણો સારો ફાળો આપેલો છે.

ગદ્ય લેખો ૧૩૪ પૈકી મોટો ભાગ તો સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજનો છે. એમના લખેલા લેખો ૫૮ આવેલા છે, તે દરેક ઉપયોગી અને અસરકારક છે. તંત્રીના લખેલા નાનામોટા ૨૪ લેખો છે. તેમાં હિતશિક્ષાના રાસનું રહસ્ય ૭ અંકમાં આપેલું છે, ચિદાનંદજીના દુહા અર્થ સાથે ૪ અંકમાં આપ્યા છે, સ્ફુટ નોંધ ૭ અંકમાં આપેલ છે, પુસ્તકોની પહોંચ ૮ અંકમાં આપેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કબીરવાણીમાંથી ઉદ્ધરીને સન્મિત્રે મોકલેલા દુહાઓનો અર્થ બે અંકમાં જુદો જુદો આપેલ છે એ ખાસ વાંચવા અને વિચારવા લાયક છે. એનો વૈરાગ્ય ઉચ્ચ પ્રતિનો છે. પ્રાસંગિક નોંધમાં ઘણી જરૂરની બાબતોની નોંધ લેવામાં આવી છે અને તેના ઉપર યોગ્ય ચર્ચા પણ કરી છે. ઉપધાનને અંગે બેવાર લખવામાં આવ્યું છે તે ધ્યાન આપવા લાયક છે. વર્તમાન સમાચાર છ અંકમાં લખેલ છે તે પણ ઉપયોગી છે. તંત્રીના બાકીના લેખોમાં ધર્મક્રિયા વિવેક, સ્વદેશી ઔષધ, મૂર્ખ શતક, શિયળની ઉપમાઓ, ધર્મક્રિયાના સૂત્રોની ભાષા વિષે, કેળવણી એટલે શું ? વિગેરે લેખો ખાસ ધ્યાન આપવા લાયક અપાયેલ છે.

સન્મિત્ર કર્પૂરવિજયજીના લેખોમાં ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી ૧૧ પદો ૬ અંકમાં મળીને વિવેચન સાથે આપેલા છે. એ પદોની ભાષાના અર્થ તેના અનુભવથીજ યથાર્થ થઈ શકે તેમ છે. ગત વર્ષમાં આવેલા પરમાનંદના છેવટના ઉપસંહારના લેખની સમાલોચના બે અંકમાં તેઓએ કરેલી છે. જ્ઞાનસારના ૩૨ અષ્ટકોમાંથી ૧૨ અષ્ટકોનું ભાષાંતર આપવામાં આવેલ છે. એકંદર રીતે તેઓ સાહેબના દરેક લેખ વાંચનારના આત્માનું કલ્યાણ કરે તેવા છે.

સન્મિત્ર અને તંત્રી શિવાય બીજા પર લેખો જુદા જુદા ૨૪ લેખકોના લખેલા છે. તેમાં ભાઇલાલ સુંદરજીના ૬ લેખો છે, અમીચંદ કરશનજીના ૭ લેખો છે. જેમાં ૪ તો સુબોધ વ્યાખ્યાનના પેટામાંજ છે. ગુલાબચંદ મુળચંદ બાવીશીના ૪ લેખો છે, જયંતીલાલ છબીલદાસ સંઘવીના ૭ લેખો છે, નંદલાલ વનેચંદ દફતરીના ૩ લેખો છે, મનસુખલાલ કીરતચંદના ૩ લેખ છે, ચંપકલાલ જમનાદાસના ૨ લેખ છે, મગનલાલ રવચંદના ૨ લેખ છે, મોહનલાલ દીપચંદ ચોકશીના ૨ લેખ છે અને બાકી ૧૬ લેખકોના એકેક લેખ છે. તેની અંદર પરમાણંદનો તાલધ્વજગિરિ સંબંધી લેખ, મી. કાલેલકરનો ન્યાતની કસોટીનો લેખ વિગેરે લેખો ખાસ વાંચવા લાયક છે. 'જૈન કોમની ઉન્નતિ માટે થવા જોઇતા સુધારા'નો મહાસુખ હરગોવિંદનો લેખ ૪ અંકમાં આપવામાં આવેલ છે, આપણા દારિદ્રાવસ્થા ભોગવતાં જ્ઞાનક્ષેત્ર સંબંધી મગનલાલ રવચંદનો લેખ બે અંકમાં આપેલો છે. સૌંદર્યતા ઉપરનો સુંદરલાલ ડાહ્યાભાઇનો લેખ બે અંકમાં આપેલો છે. એવી રીતે દરેક લેખકના યોગ્ય વિચારોને આ માસિકની અંદર સ્થાન આપવામાં આવેલું છે. તેમાં વ્યક્તિગત નિંદાથી દૂર રહેવાનું આ માસિકનું મુખ્ય નિશાન છે તેને દરેક લેખકે ખાસ ધ્યાનમાં રાખેલું છે.

દરેક લેખકના લેખ સંબંધી વિવેચન કરવા બેસીએ તો ઘણો વિસ્તાર થઇ જાય તેમ હોવાથી તે સંબંધી નામ માત્રજ ઉલ્લેખ અહીં કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો છે અને એ રીતે ગત વર્ષમાં અપાયેલા લેખોનું ટુંકામાં દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે.

હવે નવા વર્ષમાં કાર્યવાહકોના હૃદયની અંદર જેજે અભિલાષાઓ રહેલી છે તે પ્રદર્શિત કરવામાં આવે છે.

સન્મિત્ર કર્પૂરવિજયજી અષ્ટકોના ભાષાંતર અને ચિદાનંદજી કૃત બહોંતેરીના પદોનું વિવેચન લખવાનું શરૂ રાખવાના છે. બીજા પણ અનેક લેખો જુદા જુદા વિષયો પર લખી જૈનવર્ગ ઉપર ઉપકાર કરવા ઇચ્છા તેઓ ધરાવે છે. તંત્રીના વિચારો પણ પ્રસંગોપાત પૃથક્ પૃથક્ વિષય પર લેખો લખવાના વર્તે છે. હિતશિક્ષાના રાસનું રહસ્ય લખવાનું તેમજ સ્ફુટ નોંધ અને વર્તમાન સમાચાર વિગેરે લખવાનું શરૂ રહેવાનું છે. મહોત્સવોના વૃત્તાંતો વિગેરે લખી જૈનવર્ગનું તેવાં કાર્યો તરફ વલણ થાય તેમ કરવાની ઇચ્છા રહે છે. ધર્મક્રિયા, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, દેવપૂજા, તીર્થયાત્રા, મુનિદાન, સ્વામીવાત્સલ્ય, અનુકંપાદાન વિગેરેના સંબંધમાં વિવેકની ખાસ આવશ્યકતા જણાતી હોવાથી તે સંબંધી લેખો લખવાની ઈચ્છા રહ્યા કરે છે, શુભ કાર્યમાં એક બીજાનું અનુકરણ કરવું એ જેમ ઘટિત છે તેમજ વગર વિચાર્યે અંધ અનુકરણ ન કરવું તે પણ જરૂરનું છે. આ બાબતમાં સત્ય માર્ગ સ્ફુટ રીતે બતાવવાની સુજ્ઞ જનોની ફરજ છે. આ બાબત દરેક દીર્ઘ દૃષ્ટિવાન સુજ્ઞ લેખકોને લેખો લખી મોકલવા અમારી વિનંતિ છે. દરેક લેખની અંદર શાસ્ત્રની વિરૂદ્ધતા કે યુક્તિશૂન્યતા ન આવે એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે, તેમજ પરનિંદાથી અળગા રહેવાની તો અમારી પ્રવૃત્તિજ છે. એ વાત ભૂલી જવાની નથી. અન્ય માસિકો કે પત્રોમાંથી પણ ઉપયોગી જણાય તેવા લેખો લેવા ઉચ્છા રહે છે. '**જૈન કાવ્યોનું મહત્વ**' એ નામનો લેખ **દિગંબરજૈન**માં હિંદીમાં આવે છે તે લેવા ઇચ્છા વર્તે છે. એ લેખ બહુજ શ્રેષ્ઠ લખાયેલો છે. કેટલાએક જૈન સાક્ષરોમાં ગણાતા બંધુઓ લેખો લખવાના સંબંધમાં ઉપેક્ષા રાખે છે, અને કેટલાક ટુંક ભંડોળવાળા બંધુઓ શક્તિ ઉપરાંત લેખો લખે છે તે બંને બાબત ઠીક નથી. સાક્ષરોએ પોતાની શક્તિ ન ગોપવતાં તેનો લાભ જૈનવર્ગને આપવો જોઇએ અને ઓછી શક્તિવાળા બંધુઓએ પુષ્કળ વાંચન મનનદ્વારા શક્તિ વધારીને પછી લેખો લખવા જોઇએ. આ માત્ર અમારી સૂચના છે.

મુનિમહારાજા પૈકી જેઓ લેખ લખી શકે તેવી શક્તિ ધરાવનારા મહાત્માઓ છે તેમણે સન્મિત્રનો દાખલો લઈને નવા નવા વિષયો ઉપર લેખો લખવાની કૃપા કરવી જોઈએ. એના વાંચનથી અવશ્ય જૈનવર્ગને અસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાયજ છે. વાંચવાની અસર થયા સિવાય રહેતી નથી; એથી દૃઢ મનવાળાના હૃદય પણ આર્દ્ર થઈ શકે છે.

ગતવર્ષમાં સમુદાયની અંદર કોઈ નવી ચર્ચા ઉપસ્થિત થઇ નથી.. દેવદ્રવ્યની ચર્ચા થાળે પડી છે, અને કેશરની ચર્ચામાં માત્ર અપવિત્ર વાપરવું નહીં એટલા શબ્દોજ સ્થિતિ કરી રહ્યા છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અથવા અમદાવાદ વિદ્યાશાળા જેવી કોઇ સંસ્થા શુદ્ધ કેશરની ખાત્રી કરી સામટું મંગાવી એક સરખા ભાવે રતલબંધ અથવા તોલા બંધ આપે તો આ બાબતનો છેવટનો નિવેડો આવી શકે તેમ લાગે છે.

પદ્યબંધ લેખ હવે બહુ આવવા માંડ્યા છે તેથી દરેક અંકમાં બે ત્રણ લેખ તેવા આપવામાં આવે છે, પરંતુ તેમાં અસરકારક કૃતિના રચનારાઓની સંખ્યા અલ્પ છે. જો કે ગદ્ય કરતાં પદ્ય કેટલીક વખત બહુ વિશેષ અસર કરી શકે છે, પરંતુ તેને માટે તેવી કૃતિની અપેક્ષા છે. તેવા વિષયના લેખકો માટે આ જરૂરની સૂચના કરી છે.

પ્રશ્નોત્તરના લેખથી બહુ સારી અસર થાય છે, તેથી પ્રાચીન તેમજ અર્વાચીન તેવા લેખો દાખલ કરવાની ઇચ્છા રહ્યા કરે છે. કોઇપણ બાબતમાં શંકા પડતાં કોઇ બંધુ અમારી તરફ જો લખી મોકલશે તો અમે તેનો શાસ્ત્રાધાર સાથે યુક્તિપૂર્વક ઉત્તર આપશું અને તે માસિકમાં પ્રગટ કરવા લાયક જણાશે તો પ્રગટ પણ કરશું. એમાં શાસ્ત્રાભ્યાસી બહુશ્રુત મહાત્માની સહાય પણ મેળવવામાં આવશે.

નવા વર્ષના પ્રારંભમાં ઉપર પ્રમાણેની અમારી હૃદયોર્મિ પ્રગટ કરી છે. તેને સફળ કરવી તે કાર્ય શાસનાધીશનું છે. પ્રયાસ કરવો તેજ અમારે આધીન છે. નવા ૩૯મા વર્ષના અંકમાં રહેલ ત્રણનો અંક રત્નત્રયીની વૃદ્ધિ સૂચક છે, અને નવનો અંક નવપદના આરાધનનો સૂચક છે. ચાલુમાસ ચૈત્ર પણ નવપદના આરાધનના અંગનોજ છે. આ માસમાં નવ આંબિલવડે નવપદનું આરાધન અનેક ઉત્તમ શ્રાવક શ્રાવિકાઓ કરે છે. જેઓ કરતા ન હોય કે કરી શકતા ન હોય તેમને તેના આરાધનમાં પ્રયત્નશીળ થવા વિજ્ઞપ્તિ છે. એ નવપદનું આરાધન માત્ર આંબિલ કરવાવડે કરવાનું નથી, પરંતુ અષ્ટ પ્રકારી પૂજા અને સ્નાત્રાદિક મહોત્સવવડે તેનું આરાધન કરવાનું છે. તે ઉત્તમ કાર્ય સંબંગે પ્રેરણા કરી આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે અને જૈન બંધુઓને જેમ બને તેમ આરંભ પરિગ્રહાદિકમાંથી પાછા ઓસરી, જ્ઞાન દર્શન ને ચારિત્રની આરાધનમાં વિશેષ વિશેષ પ્રવૃત્તિ કરી, જૈન શાસનને દીપાવવા વિનંતિ કરવામાં આવે છે.

પરમાત્મા સર્વ જીવોને સદ્બુદ્ધિ આપો. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सुबोध वाक्यो.

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

૧ 'ધર્મો રક્ષતિ રક્ષતિ '-સદ્ભાવથી સેવેલો ધર્મ આપણું સહાય રક્ષણ કરે છે.

૨ છતે કાને હિત વચન ન સાંભળે-હૈયે ન ધરે તે કમનશીબ બહેરો છે.

૩ છતી જીભે અવસર ઉચિત હિત-પ્રિય બોલી ન જાણે તે મુંગો છે.

૪ છતી આંખે ન કરવાનું કરે, મદાંધ બની અનાચાર સેવે તે અંધ છે.

૫ યૌવન, ધન અને આયુષ્ય જેવી અસ્થિર વસ્તુમાં વિશ્વાસ રાખી બેસે તે મૂર્ખ.

૬ ખરી તકે અપાય તે અને ફળ-લાભની પરવા રાખ્યા વગર દેવાય તે દાન.

૭ સત્ય જેવું મુખનું મંડન નથી અને શીલ સદાચાર જેવો શ્રેષ્ઠ શૃંગાર નથી.

૮ પરાધીનતા જેવું દુઃખ, સંયમ જેવું સુખ અને પ્રાણીહિત જેવું સત્ય નથી.

૯ દુર્જન, પરસ્ત્રી અને પરધન પ્રત્યે પ્રીતિ-આદર ભૂલે ચુકયે કરવો નહિ.

૧૦ સત્ય ને ક્ષમાશીલ પુરૂષ જગતને જીતી શકે છે. દયાળુને દેવતાઓ પણ નમે છે.

૧૧ સત્ય, પ્રિયભાષી અને વિનીત (સુનમ્ર)ને સૌ કોઇ વશ થઇ જાય છે

૧૨ દાન, જ્ઞાન, શૌર્ય ને ધન અનુક્રમે પ્રિયતા, નમ્રતા, ક્ષમા અને ઉદારતાના યોગેજ શોભે છે.

૧૩ સ્વપર હિત કાર્ય કરવામાં ઉજમાળ રહેવાવડેજ આ માનવજીવની સફળતા થવા પામે છે.

૧૪ જ્ઞાન-સમજ વગરની લુખી કરણી આંધળી છે અને ક્રિયા વગરનું એકલું જ્ઞાન પાંગળું છે.

૧૫ ઇન્દ્રિયોના વિવિધ વિષયોની લલચામણીઓથી નજ લલચાય તેજ ખરો જ્ઞાની છે.

૧૬ વિષયજાળમાં એકવાર સપડાઇ જાય છે તેનાં ભાવી દુઃખોની સીમા અટકાવી શકાતી નથી.

૧૭ સ્ત્રીઓનાં ગહન ( ગુઢા ) ચરિત્રનો પાર ભાગ્યેજ પામી શકાય છે; તેથી ન છળાય તે ખરો શૂરો

૧૮ ચંદ્રથી અનેક ગણી ખરી શીતળતા ઉપજાવનારા ખરેખરા સંત-સુસાધુ જનોજ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ કાનરૂપી સોનાના કચોળાવતી પીવા યોગ્ય ખરૂં અમૃત સંત-મહાત્માઓનો ઉપદેશજ છે.

૨૦ ખરો હિતમિત્ર (સન્મિત્ર) એજ કે જે આપણને પાપાચરણથી બચાવી પુન્યમાર્ગમાં જોડે.

૨૧ ખરી કરૂણા (દયા-અનુકંપા), દાક્ષિણ્યતા અને મૈત્રીને સદાય સદ્ભાવથી સેવ્યા કરવી.

૨૨ પ્રાણાન્ત કષ્ટે પણ અજ્ઞાન, ખેદ (દીનતા), ઉન્માદ અને હીનતાનો સંગ નજ કરવો.

૨૩ સંયમી (સદાચરણી) નર રત્ન સદાય સેવ્ય છે અને સંયમપતિત નિન્દ્ય છે.

૨૪ આ કલિકાળમાં પણ સત્પુરૂષો મેરૂપર્વત જેવા નિશ્ચળ ટેક-પ્રતિજ્ઞાવાળા જણાય છે.

૨૫ આ દુસ્તર ભવસાગર તરવાને સારૂ જીવને ખરા આલંબનરૂપ સદ્ગુરૂનું હિતવચનજ છે.

૨૬ હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ દુરાચારો કલ્યાણના અર્થી જનોએ જરૂર તજવા યોગ્ય છે.

૨૭ સત્ય જ્ઞાન અને સત્ય-સાચી કરણીના સહયોગેજ આ દુસ્તર ભવસાગર તરી શકાય છે.

૨૮ સદ્ભાવપૂર્વક દાન શીલ ને તપ અથવા સંયમ-આત્મનિગ્રહરૂપ ધર્મ સમાન શ્રેષ્ઠ ભાથું બીજું નથી.

૨૯ જેનું અંતર શુદ્ધ સ્ફાટિક રત્ન જેવું નિર્મળ-નિષ્કલંક વર્તે છે તેજ ખરો પવિત્ર આત્મા છે.

૩૦ જેના અંતર-ઘટમાં વિવેક-પ્રકાશ પ્રગટ્યો છે તેજ ખરો વિદ્વાન્-પંડિત છે.

૩૧ ખરા (આત્મજ્ઞાની) ગુરૂનું અપમાન કરવા જેવું કોઇ ઉગ્ર વિષ-પાપ નથી.

૩૨ મોહ જેવી કોઇ આકરી મદિરા નથી અને ઇન્દ્રિયોના વિષયો જેવા કોઇ છુપા ચોર નથી.

૩૩ પ્રમાદ-સ્વચ્છંદતા સમાન કોઇ શત્રુ નથી અને સદ્ઉદ્યમ સમાન કોઇ હિતમિત્ર નથી.

૩૪ લોભ-તૃષ્ણા-અસંતોષ સમાન દુઃખ-દારિદ્ર નથી અને સંતોષ સમાન સુખ-સંપત્તિ નથી.

૩૫ પરોપકાર સમાન પુણ્ય નથી અને પરપીડા સમાન પાપ નથી.

૩૬ પાપી પાપેન પચ્યતે-કુદરતી રીતેજ પાપી જનોને કરેલાં પાપની શિક્ષા મળી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૭ તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય; મુવા ઢોરકે ચામસે, લોહા ભસ્મ હોઇ જાય.

૩૮ શુદ્ધ–આત્મતત્ત્વનું ચિન્તવન–શોધન કરી લેવું એજ સદ્‌બુદ્ધિ પામ્યાનું શ્રેષ્ઠ ફળ છે.

૩૯ યથાશક્તિ તપ, જપ, વ્રત, નિયમ, જ્ઞાન ધ્યાન યોગે આત્મ–સુવર્ણ શુદ્ધ કરી લેવાથી આ દુર્લભ માનવદેહની સાર્થકતા થાય છે. આત્મસાધન વગરનો ભવ પશુની જેવો નકામો જાય છે.

૪૦ ખરો કીમીઓ જેમ ધૂળને ધમી સોનું કાઢે છે તેમ આ જડ–દેહાનું દમન કરીને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સદ્‌વીર્યરૂપ આત્મસંપત્તિ મેળવી લેનારજ ખરો વિજ્ઞાની છે.

૪૧ પ્રિય–મિષ્ટ વચન સાથે આદર–સત્કાર પૂર્વક દીધેલું પાત્રદાન શોભા પામે છે.

૪૨ શૂરવીરતા સાથે ક્ષમા, જ્ઞાન સાથે અગર્વ—નમ્રતા, અને લક્ષ્મી સાથે ઉદારતા હોય તો તે શોભે છે.

૪૩ પર આશા–સ્પૃહા સમાન દુઃખ નથી અને નિઃસ્પૃહતા–નીરીહતા સમાન સુખ નથી.

૪૪ 'હું અને મારૂં' એ મોહના મંત્રવડે આખી દુનિયા આંધળી બની ગઇ છે.

૪૫ આત્મજ્ઞાની મુનિમહાત્માને ઇન્દ્ર કરતાં અધિક સુખ છે; કેમકે તે નિરૂપાધિક છે.

૪૬ આત્મા અનંત શક્તિનો ભંડાર છે. પરમાત્મામાં એ સર્વ જ્ઞાનાદિક સંપત્તિ પ્રગટ થયેલી હોય છે. અન્યમાં તે અપ્રગટ–છુપી રહેલી હોય છે. સાચા પુરૂષાર્થ યોગે તે પ્રગટ થઈ શકે છે. અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મસાધનવડે ગમે તે ભવ્યાત્મા તેને પ્રગટ કરી શકે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એજ સકળ આંતરસમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ છે.

૪૭ આત્મા મોહની પ્રબળતાથી જડ વસ્તુઓમાં મુંઝાય ત્યાં સુધી તે **બહિરાત્મા** કહેવાય છે, વિવેકવડે ખોટો મોહ તજી ખરી વસ્તુ આદરવા ઉજમાળ બને તે **અંતરાત્મા** કહેવાય છે અને અનંત જ્ઞાનાદિક સંપત્તિ પ્રાપ્ત કરે તે **પરમાત્મા** કહેવાય છે. ઇતિશમ્.

(સ. ક. વિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી ભાવી ઉન્નતિનાં સાધન.

૧ જેમ બને તેમ આપણે સહુએ આપણું ચારિત્ર ઉત્તમ પ્રકારે ઘડવું જોઇએ. ખોટા ડોળ-ડિમાક તજી તાત્ત્વિકતાજ આદરવી જોઇએ. કેવળ લોકરંજનની રીતિ સર્વથા તજી ને સ્વકર્તવ્ય કર્મ આત્મસંતોષાર્થેજ કરવા તત્પર થાઓ.

૨ દેશ કાળ ભાવને બરાબર તપાસી પવિત્ર ધર્મ-શાસનની રક્ષા ને પુષ્ટિ થવા પામે એવો તાત્ત્વિક બોધ તત્ત્વજિજ્ઞાસુ ભવ્યાત્માઓને આપવો જોઇએ.

૩ સુખશીલતા તજી દેહદમન—ઇંદ્રિયદમન કરતા રહેવું જોઇએ. જીવનમાં સાદાઇ ઉતારી દેવી જોઇએ.

૪ અહિંસા ધર્મની રક્ષા ને વૃદ્ધિ નિમિત્તે અત્યાર સુધીમાં અજ્ઞાનવશ જે જે ભ્રષ્ટ-દોષિત ખાન પાન અને વસ્ત્ર પાત્રાદિકનો છુટથી ઉપયોગ કરવામાં આવતો હોય તે હવે સમજપૂર્વક વિવેકથી તરત તજી દેવો જોઇએ.

૫ વિદેશી ભ્રષ્ટ વસ્તુઓનો મોહ સર્વથા તજી શુદ્ધ સ્વદેશીનો જાતે સ્વીકાર કરી તેનો ખુબ પ્રચાર કરવો જોઇએ.

૬ વગર જરૂરની ચીજનો ત્યાગ કરી બને તેટલી થોડી અને પવિત્ર વસ્તુઓથીજ જીવનનિર્વાહ કરવો જોઇએ.

૭ આરોગ્યતાના નિયમો તરફ રહેતી બેદરકારી દૂર કરવી જોઇએ.

૮ શરૂઆતથી પ્રજાને રૂડા બીજ-સંસ્કારો મળે એવી તજવીજ જવાબદાર માતપિતા કે વડીલ ગુર્વાદિકે જરૂર કરવી જોઇએ.

૯ વધતો જતો સ્વેચ્છાચાર અલસાવી દેવા પ્રબળ યત્ન કરવો જોઇએ.

૧૦ કલેશ કંકાસ વૈર વિરોધ શમાવી, સહિષ્ણુતા યોગે એકતા સાધી, અવનતિના ખાડામાંથી ઉંચા આવી ઉન્નતિના માર્ગે પ્રયાણ કરવું ઘટે છે. ઇતિશમ્.

(સ. ક. વિ.)

---

**ભૂલનો સુધારો**—ગયા વર્ષના માહમાસના અંકમાં પ્રશ્નોત્તરો પૈકી ૨૧ મા પ્રશ્નના ઉત્તરમાં ચૌદપુર્વી આહારક શરીર કરીને પ્રભુપાસે મોકલે તે પ્રભુના દ્રવ્યમન વડે ઉત્તર મેળવીને પાછું જાય એમ લખ્યું છે તે ભૂલ છે. આહારક શરીર પ્રભુ પાસે આવી પ્રભુના શરીરને સ્પર્શી ભગવંતના મુખકમળથી ઉત્તર મેળવીને પાછું જાય છે. દ્રવ્યમન વડે તો અવધિજ્ઞાની અને મનપર્યવજ્ઞાની ઉત્તર મેળવે છે. આ ભૂલ સુધરાવનાર મુનિરાજનો આભાર માનીએ છીએ.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुत्रवधु परीक्षा.

શેઠે જ્ઞાતિ–જન સમક્ષ ચાર પુત્રની વહુઓને પાંચ પાંચ શાળના દાણા સાચવવા આપીને તેમની યોગ્યતા સંબંધી કરેલી પરીક્ષા અને તે ઉપરથી ભવ્ય જનોએ લેવા જોગ સુંદર બોધ—જેવા શેઠ તેવા ગુરૂ. જેવો જ્ઞાતિજન તેવો શ્રમણ સંઘ. જેવી વહુઓ તેવા ભવ્યજનો અને જેવા શાળના દાણા તેવા વ્રત–નિયમો જાણવા.

૧ સાચવવા આપેલા શાળના દાણા ફેંકી દેનારી યથાર્થ નામવાળી **ઉજ્ઝિતા** જેમ કચરો પુંજો કે એઠવાડ પ્રમુખ નોકરની પેરે કાઢવાનું કરવાવડે મહા દુઃખી થઇ, તેમ જે ભવ્યાત્મા સંઘસમક્ષ ગુરૂએ આપેલાં મહાવ્રતો અંગીકાર કરીને મહામોહને વશ થઇ તે બધાં ગમાવી દે છે તે આંજ ભવમાં લોકની નિંદાને પાત્ર બને છે; અને પરલોકમાં પણ અનેક દુઃખથી પીડિત થઇ અનેક પ્રકારની (ચોરાશી લાખ) જીવાયોનિમાં ભટકતો રહે છે.

૨ વળી જેમ શાળના દાણાને ખાઇ ગયેલી યથાર્થ નામવાળી **ભોગવતી** રાંધણ ચિંધન પ્રમુખ કામ કરવાવડે દુઃખનેજ પામી, તેમ જે મહાવ્રતોને પામીને જીવનનિર્વાહ (આજીવિકા) પૂરતો તેનો ખપ કરે છે અને મોક્ષસાધનની ઇચ્છાથી રહિત છતો વિવિધ આહારાદિકમાં આસક્ત રહે છે, તે વેષધારી હોઇ આહારાદિક તો અહીં યથેચ્છ મેળવી શકે છે, પરંતુ તત્ત્વજ્ઞ જનોના સત્કારને પાત્ર થતો નથી, અને પરભવમાં દુઃખી થાય છે.

૩ તેમજ શાલિના દાણાને સાચવી રાખનારી યથાર્થ નામવાળી **રક્ષિતા** વહુ જેમ કુટુંબ પરિવારને માન્ય થઇ અને ભોગવિલાસને પામી, તેમ જે જીવ પાંચ મહાવ્રતો આદર સહિત ગ્રહણ કરી લગારે પ્રમાદ કર્યા વગર દોષ રહિત તેનું પાલન કરે છે તે આત્મહિતમાં સાવધાન સતો આ લોકમાં પણ પંડિતોવડે પૂજા–સત્કાર પામી એકાંતે સુખી થાય છે; અને પરભવમાં સ્વર્ગ અને મોક્ષના સુખ પામે છે.

૪ વળી જેમ (સ્વજન પાસે) શાલિ રોપાવનારી યથાર્થ નામવાળી નાની **રોહિણી** વહુ શાળને વધારી સર્વ માલમીલકતનું સ્વામીપણું પામી, તેમ જે ભવ્યાત્મા (ગુરૂ પાસેથી) મહાવ્રતો પ્રાપ્ત કરીને પોતે તેનું યથાર્થ પાલન કરે છે અને અનેક જનોના હિતાર્થે બીજા અનેક ભવ્યજીવોને તેવાં વ્રતો આપે છે, તે અહીં સંઘમાં પ્રધાન એવા **યુગપ્રધાન** ઉપનામને પામે છે; અને ગૌતમસ્વામીની જેમ સ્વપરને કલ્યાણકારી બને છે. વળી તે પવિત્ર શાસનની વૃદ્ધિ કરનાર અને ઉન્માર્ગગામી ઉન્માર્ગદર્શકોને આક્ષેપ કરનાર મુનિ વિદ્વાન જનોવડે સેવાતો–પૂજાતો અનુક્રમે સિદ્ધિપદ–મોક્ષને પામે છે.

સ. ક. વિ. ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુક્ત વચનો (સાર રૂપે.)

૧ અહો ભદ્ર ! જે શુભ કૃત્ય કાલે કરવા ધાર્યું હોય, તે આજેજ અને તે પણ બને તેટલી ઉતાવળે કર. વાયદામાં ને વાયદામાં અવસર વીતાવી દે છે, પછી તું તે કયારે કરી શકીશ ? કાળની ગતિ ગહન-અકળ છે.

૨ લોભ-લાલચમાં લપટાયેલો જીવ તેમાંથી ભાગ્યેજ ઉગરી શકે છે.

૩ દુર્જન અને ચળચિત્તની કૃપા એ બૂરી, અને સજ્જનનો ત્રાસ ભલો.

૪ સજ્જન પુરૂષોની સકળ સંપત્તિ પરમાર્થ-પરોપકાર અર્થેજ હોય છે.

૫ વહેતું પાણી નિર્મળ રહે છે અને બંધીઆર હોય તે બગડી જાય છે, તેમ સંતસાધુજનો પ્રતિબંધ રહિત ફરતા સારા રહે છે; એક ઠામે રહેતાં કંઇને કંઈ દોષ-કલંક લાગી બેસે છે. ગૃહસ્થનો પરિચય વધવાથી સંયમ ઠીક વધતું નથી.

૬ સદ્ગુણાનુરાગીને ભક્તિ, નિર્મોહી-અવિકળને તત્ત્વજ્ઞાન. રાગ દ્વેષ રહિત સમભાવીને મુક્તિ અને નિર્લોભી-સંતોષીને સુખ-શાન્તિ મળે છે.

૭ ખરેખરા ગંભીર-મોટા દીલના પોતાના મુખે આત્મપ્રશંસા કરતા નથી.

૮ ભણવા માત્રથી ખરી પંડિતાઇ આવતી નથી, ખરા વિશુદ્ધ શાસ્ત્રપ્રેમથી તે આવે છે.

૯ આત્મજ્ઞાનીઓનો સમાગમ થતાં શાન્તરસની લૂંટાલૂંટ થાય છે અને અજ્ઞાનીઓનો મેળાપ થતાં ભારે માથાકૂટ કરવા વખત આવે છે.

૧૦ શાણા ચતુરને બધી વાતનો વિચાર હોય છે. મૂર્ખને લાજ-શરમ હોતી નથી. તેને ગદ્દભાની જેમ ગમે તેમ કરીને પેટ ભરવાથીજ કામ હોય છે.

૧૧ જેને લોભ-તૃષ્ણા ટળી-નિઃસ્પૃહતા આવી તે શાસનપતિ શાહ છે.

૧૨ પરમાત્મતત્ત્વમાં લે (લયા) લાગી તે આખરે તદ્રૂપ થઇ જવા પામે છે. નિઃસ્વાર્થ પ્રેમની ગતિ અજબ છે-તેનો પ્રભાવ અચિન્ત્ય છે.

૧૪ મોક્ષસાધક-મુમુક્ષુને મન દેવગુરૂ એકલા હિતકારી ભાસે છે, અને મન વચન કાયાથી અભેદ ભાવે એકનિષ્ઠ બની તેમનીજ તે ભક્તિ કરે છે.

૧૫ સંત સમાગમ મળવો મહા મુશ્કેલ છે, તેનું સુખ અપૂર્વ-અલૌકિક છે.

૧૬ સંત-મહાત્માનું હૃદય પાતાળી કુવા જેવું અગમ-અપાર હોય છે. તેમાં અનંત-અખુટ (શાન્ત) રસ હોય છે. ભાગ્યશાળી ભક્તો તેનો લાભ પામે છે.

૧૭ સંતો પ્રત્યે ખરો વિનય-હૃદયનો અવિહડ પ્રેમ-આદર દાખવનાર સજ્જનોજ સાચો આત્મલાભ મેળવી શકે છે. મિથ્યાભિમાની જનો તેનાથી વંચિત રહે છે.

૧૮ ઉંચી કરણીથીજ કલ્યાણ છે. તેના વગર કેવળ ઉંચા કુળમાત્રથી શું વળે ?

૧૯ ચૈતન્યગુણવડે જગતના સર્વ જંતુઓને સમાન લેખવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ કનક, ચંદન અને શેલડીની પેરે ગમે તેટલા છેદ્યા ભેદ્યા કે પીડ્યા છતાં સંત-સજ્જનો પોતાનો ઉત્તમ સ્વભાવ તજી વિકાર પામતા નથી.

૨૧ શુદ્ધ-નિઃસ્વાર્થ પ્રેમ નિભાવવો તે મીણને ઘોડે અગ્નિમાં ચાલવા જેવું કઠણ છે.

૨૨ ઝેર જેવું વિષમ વચન અંતર-હૃદયને બાળી ખાખ કરી નાંખે છે. જ્યારે અમૃતની ધારા જેવું સંત-વચન અંતર-આત્મામાં ખરી શીતળતા ઉપજાવે છે.

૨૩ કાગડો કઠોર-અનિષ્ટ વચનથી જગતમાં અળખામણો થયો છે અને કોયલે મિષ્ટ-મધુર વચન ઉચ્ચારવા વડે જગતને વશ કરી લીધું છે.

૨૪ એવું હિતકર, પ્રિય ને પથ્ય-સત્ય વચન બોલવું કે જેથી તે સહુને રૂચિકર થાય.

૨૫ રહેણી-કરણી સુધાર્યા વગર કેવળ લુખ્ખી કહેણી માત્રથી કશું વળનાર નથી.

૨૬ પરમાર્થને હેતે સંતજનો સકળ કષ્ટને પ્રસન્ન મુખે સહન કરી લે છે.

૨૭ ગમે તેટલા સંતોનો સમાગમ થયા છતાં કપટીનો ઉદ્ધાર થઇ શકતો નથી.

૨૮ જ્યાં ગુણની કદર ન હોય ત્યાં રહેવાથી વિશેષ લાભનો સંભવ નથી.

૨૯ 'માગવા કરતા મરવું ભલું' એવી સમજવાળા સજ્જનો પ્રાણાન્તે પણ સ્વાર્થ માટે માગતાજ નથી, બાકી પરમાર્થની ખાતર તો બેશક તેઓ માગે છેજ.

૩૦ એક અહંકારથી કર્યું કરાવ્યું બધું ધુળ મળે છે, અને ભારે હાનિ થવા પામે છે.

૩૧ સત્યની ખાત્રી થતાંજ તે તરફ ઢળી પડવું. ખોટો-કદાગ્રહ કરવો નહીં.

૩૨ સમયોચિત સઘળું સાવધાનપણે કરવું. પ્રસંગ વગરનું બોલવું કે મૌન રહેવું બંને શોભે નહીં તેમ લાભદાયક પણ બને નહીં. વિચારશૂન્યપણે અતિ ઘણું બોલવું તે વર્જ્ય છે.

૩૩ જેના અંતરમાં પ્રેમ વસે છે તેને આખી દુનિયા વશ થઈ રહે છે, પ્રેમ વગરની ભક્તિ પણ નિર્માલ્ય-રસ વિહુણી-લુખ્ખી લાગે છે.

૩૪ અંતરમાં ઉગેલો પ્રેમ છાનો ન રહે, મુખથી ન બોલે તો પણ નેત્રથી ખાત્રી થાય.

૩૫ ખરો વૈરાગ્ય (જ્ઞાનગર્ભિત) પ્રગટે તો પરમતત્ત્વ સાથે પ્રીતિ અવિચ્છિન્ન લાગી રહે. એક પળ પણ વિસરે નહીં. શુદ્ધતત્ત્વનો પ્રકાશ ત્યારેજ થવા પામે.

૩૬ જાણ્યાનું ફળ એ છે કે શુદ્ધ આત્મતત્ત્વ આદરવું અને જડ-મલીન તત્ત્વ તજવું.

ઇતિશમ્.

(સ. ક. વિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીરની કૈવલ્ય (નિર્વાણ) ભૂમિ.

નલંદા અને રાજગૃહી જતાં પાવાપુરીનાં દર્શનનો લાભ અમને અણુધાર્યોજ થયો. અરૂન્ધતિદર્શન ન્યાયથી કહેવું હોય તો પાવાપુર બિહાર શરીફ પાસે છે; બિહાર શરીફ બખત્યારપુરથી વીશ પચીશ માઇલ દૂર છે, અને બખત્યારપુર બિહારની રાજધાની બાંકીપુર પટનાથી પૂર્વ તરફ મેઇન લાઈન ઉપર આવેલું છે.

બખત્યારપુરથી રાજગૃહીના કુંડ સુધી જે રેલવે જાય છે તે નાની છે અને ટ્રામની માફક ગાડીઓને રસ્તે ગામડાનાં ઘરોની બે હારોની વચ્ચે થઇને જાય છે. દેશદેશાન્તરના જિજ્ઞાસુ યાત્રાળુઓ માટે જ આ રેલવે નિર્ધાર કરેલી હોય એમ લાગે છે. મુમુક્ષુ યાત્રાળુઓ પણ તેનો લાભ લઇ શકે છે, જો કે રેલમાં બેસીને કરેલી યાત્રાથી પુણ્યને બદલે પાપ જ લાગવાનો સમ્ભવ વિશેષ છે.

બિહાર શરીફ સુધી પહોંચતાં અમારો સંઘ સારી પેઠે વધી ગયો હતો, એટલે પાંચ એકાઓ કરી તેમના ઉપર અમે સવાર થયા. આ એકાઓનો આકાર કયા સૈકામાં નક્કી થયો હશે એની તપાસ કરવા જેવી છે. માણસના હાડકાં સીધી રીતે ભાગ્યા વગર તે મુકામ સુધી પહોંચાડે છે એમાં શક નથી. આવા એકાઓ ઉત્તર હિન્દુસ્તાનમાં બધે હોય છે, અને ત્રણ ત્રણ ચાર ચાર સુધી માણસો તેનાપર સવારી કરે છે. એકાનો બોજ હલકો હોવાથી એમાં ઘોડાને સગવડ છે ખરી, આવા એકાના અનુભવની સરખામણીથીજ જૂના લોકોએ પાલખીને સુખવાહનનું નામ આપ્યું હશે. આસપાસનો મુલક લીલોછમ અને રળિયામણો છે, વચમાં ઠેકઠેકાણે નાનાં મોટાં તળાવો આવે છે. તેના ઉપર બાઝેલી લીલ લીલી નથી હોતી, પણ લાલ કે અંજીરાયા રંગની હોય છે, અને તેથી દેખાવમાં બહુજ સુન્દર લાગે છે. અજાણ્યાને આ વનસ્થલી નીચે પાણી હશે એવી કલ્પના પણ ન આવે.

બાર વાગે નીકળેલાં અમે લગભગ બે વાગે પાવાપુરી પાસે આવી પહોંચ્યા. પાવાપુરીના પાંચ સુધાધવલ મન્દિરો દૂરથી જ એકાદ સુન્દર બેટ જેવાં લાગે છે. આસપાસ બધે ડાંગરનાં સપાટ ખેતરો, અને વચ્ચે જ મન્દિરોનું સફેદ જૂથ. રસ્તો જરા ગોળ ફરીને આપણને મન્દિર તરફ લઇ જાય છે.

પાંચ મન્દિરોમાં એકજ મન્દિર વિશેષ પ્રાચીન જણાય છે. મન્દિરો જૈનોનાં છે, એટલે તેની પ્રાચીનતા ક્યાંયે ટકવા તો દીધીજ નથી. ખુબ પૈસા ખરચી ખરચીને પ્રાચીનતાનો નાશ કરવો એ જાણે તેમનો ખાસ શોખ હોય

૧ અહીં કૈવલ્ય ભૂમિ નહિ પણ નિર્વાણ ભૂમિ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જ લાગે છે. પાલીતાણે પણ એ જ દશા થઇ ગઇ છે. ફક્ત દેલવાડામાં જૂની કારીગરીને છાજે એવી મરામત થાય છે.

મુખ્ય મન્દિર એક સુન્દર તળાવની અંદર આવેલું છે. તળાવમાં કમળોની એક ઘટા બાઝી છે. પાણીમાં માછલાઓ અને સાપો આમતેમ સળવળતા ખૂબ દેખાય છે. અમે ગયેલા ત્યારે તળાવનું પાણી ઓછું થયેલું હોવાથી કમળપત્રોની ડોક ઉઘાડી પડી હતી, અને બિચારાં પાંદડાંઓ પ્રાપડ જેવાં થઇ ગયાં હતાં.

અમૃતસરના સુવર્ણમન્દિરની પેઠે આ મન્દિરમાં જવાને પણ એક પુલ બાંધેલો છે. મન્દિરો બેઠાઘાટનાં અને પ્રમાણશુદ્ધ છે. ગર્ભગૃહની આસપાસ ચારે બાજુપર લંબચોરસ ગુંબજ છે એ આ મન્દિરની વિશેષતા છે. કલાકોવિદ લોકો આવા ગુંબજનો આકાર બહુ જ વખાણે છે. બાકીનાં આસપાસનાં મન્દિરો ઉંચાં શિખરોવાળાં છે. શિખરોમાં કંઇ ખાસ કળા જણાતી નથી, છતાં દૃષ્ટિપર તેની છાપ સારી પડે છે.

આ મન્દિરની કેટલીક મૂર્ત્તિઓ અસાધારણ સુન્દર છે. ધ્યાનને માટે આવી જ મૂર્ત્તિઓ હોવી જોઇએ. મૂર્ત્તિની સુન્દરતા જોઇ તેમને હું મોહક કહેવા જતો હતો, પણ તરતજ યાદ આવ્યું કે આ મૂર્ત્તિનું ધ્યાન તો મોહને દૂર કરવા માટે હોય છે. ચિત્તને એકાગ્ર કરવાની શક્તિ આ મૂર્ત્તિઓમાં જરૂર છે.

આ મન્દિરોની પૂજા ત્યાંના બ્રાહ્મણોજ કરે છે. જૈનમન્દિરોમાં બ્રાહ્મણોને હાથે પૂજા થાય એ એક રીતે અજુગતું લાગ્યું, છતાં **हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जिनमन्दिरम्** કહેનારા બ્રાહ્મણો ભલે લોભથી--પણ આટલા ઉદાર થયા એથી મનમાં સમાધાન થયું. આજે પાવાપુરી એક નાનકડું ગામડું છે. અહિંસાધર્મનો પ્રચાર કરનાર મહાવીર જ્યારે અહીં વસતા હતા ત્યારે તેનું સ્વરૂપ કેવું હશે? હિંદુસ્તાનમાં કેટલીએ મહાન મહાન નગરીઓનાં ગામડાં થઇ ગયાં છે, અને કેટલીક નગરીઓનાં તો નામનિશાન પણ રહ્યાં નથી; એટલે આજનાં ગામડાં ઉપરથી પાવાપુરીની કલ્પના થઇ જ ન શકે પ્રાચીન કાળનો અહીં કશો અવશેષ દેખાતો નથી, ફક્ત તે મહાવીરના મહાનિર્વાણનું સ્મરણ આ સ્થાનને વળગેલું છે; અને તેથી જ શ્રદ્ધાની દૃષ્ટિ બે અઢી હજાર વર્ષ જેટલી પાછળ જઇ શકે છે, અને મહાવીરની ક્ષીણ પણ તેજસ્વી કાયા, શાંતચિત્તે શિષ્યોને ઉપદેશ કરતી હોય એવી દૃષ્ટિઆગળ ઉભી રહે છે. આ સંસારનું પરમ રહસ્ય, જીવનનો સાર, મોક્ષનું પાથેય તેમના મુખારવિંદમાંથી જ્યારે ઝરતું હશે, ત્યારે તે સાંભળવા કોણ કોણ બેઠા હશે? પોતાનો દેહ હવે પડનાર છે એમ જાણી તે દેહનું છેલ્લું ગંભીર કાર્ય પ્રસન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ-અત્યન્ત ઉત્કટતાથી ફરી લેવામાં છેક છેલ્લી બધી ઘડીઓ કામમાં લઇ લેનાર તે પરમ તપસ્વીનું છેલ્લું દર્શન કોણે કોણે કર્યું હશે ? અને તેમના ઉપદેશનો આશય કેટલા જણ બરાબર સમજ્યા હશે ? દૃષ્ટિને પણ અગોચર એવા સૂક્ષ્મ જન્તુથી માંડીને અનંતકોટી બ્રહ્માંડ સુધી સર્વ વસ્તુનું-સર્વ જાતિનું કલ્યાણ ચાહનાર તે અહિંસામૂર્તિનું હાર્દ કોણે સંઘર્યું હશે ? 'માણસ અલ્પજ્ઞ છે, તેની દૃષ્ટિ એકદેશી હોય છે, સંકુચિત હોય છે, માટે તેને સંપૂર્ણ જ્ઞાન નથી થતું. દરેક માણસનું સત્ય એકાંગી સત્ય હોય છે, તેથી બીજાના અનુભવને વખોડવાનો તેને હક્ક નથી, તેમ કરતાં તેને અધર્મ થાય છે.' એમ કહી સ્વભાવથી 'ઉન્મત્ત' એવી માનવબુદ્ધિને નમ્રતા શીખવનાર તે પરમ-ગુરૂને તે દિવસે કોણે કોણે વન્દન કર્યું હશે ? આ શિષ્યો પોતાનો ઉપદેશ આખી દુનિયાને પહોંચાડશે અને અઢી હજાર વર્ષ પછી પણ માનવજાતિને-હા, સમસ્ત માનવજાતિને તે ખપમાં આવશે એવો ખ્યાલ તે પુણ્યપુરૂષના મનમાં આવ્યો હશે ખરો ?

જૈન તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્વાદનો બરાબર શો અર્થ છે તે જાણવાનો હું દાવો કરી શકતો નથી, પણ હું માનું છું કે સ્યાદ્વાદ માનવબુદ્ધિનું એકાંગીપણું જ સૂચિત કરે છે. અમુક દૃષ્ટિએ જોતાં એક વસ્તુ એક રીતે દીસે છે, બીજી દૃષ્ટિએ તે બીજી રીતે દેખાય છે. જન્માન્ધો જેમ હાથીને તપાસે તેવી આપણી આ દુનિયામાં સ્થિતિ છે.

આ વર્ણન યથાર્થ નથી એમ કોણ કહી શકે ? આપણી આવી સ્થિતિ છે એટલું જેને ગળે ઉતર્યું તેજ આ જગત્‌માં યથાર્થ જ્ઞાની. માણસનું જ્ઞાન એકપક્ષી છે એટલું જે સમજ્યો તેજ માણસોમાં સર્વજ્ઞ. વાસ્તવિક, સમ્પૂર્ણ સત્ય જે કોઇ જાણતા હશે તે પરમાત્માને આપણે હજુ ઓળખી શક્યા નથી.

આ જ્ઞાનમાંથી જ અહિંસા ઉદ્‌ભવેલી છે. જ્યાં સુધી હું સર્વજ્ઞ ન હોઉં ત્યાં સુધી બીજા ઉપર અધિકાર ચલાવવાનો મને શો અધિકાર ? મારૂં સત્ય મારા પૂરતું જ છે, બીજાને તેનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મારે ધીરજ રાખવી જોઇએ. આવી વૃત્તિ તેજ અહિંસાવૃત્તિ.

કુદરતી રીતે જ માણસનું જીવન દુઃખમય છે, જન્મજરાવ્યાધિથી માણસ હેરાન થાય જ છે, પણ માણસે પોતાની મેળે કંઈ દુઃખો ઓછાં ઉભાં કર્યાં નથી. માણસ જો સન્તોષ અને નમ્રતા મેળવે તો મનુષ્યજાતિનું ૯૦ ટકા દુઃખ ઓછું થઇ જાય. આજે જે દેશદેશ વચ્ચે અને કોમકોમ વચ્ચે કલહ ચાલી રહ્યો છે અને મૃત્યુ પહેલાં જ આપણે આ સૃષ્ટિપર જે નરક ઉપજાવીએ છીએ તે એકલી અહિંસાવૃત્તિથી જ આપણે અટકાવી શકીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિન્દુસ્તાનના ઇતિહાસનો જો કંઇ વિશેષ સાર હોય તો તે એજ છે કે–

सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद्दुःखभाग्भवेत् ॥

હિન્દુસ્તાનમાં જેટલા આવ્યા તેટલા બધા અહીં જ રહ્યા છે, કોઇ ગયા નથી, આશ્રિત તરીકે આવ્યા તેઓ પણ રહ્યા છે અને વિજેતાના ઉન્માદથી આવ્યા તેઓ પણ રહ્યા છે, બધા જ ભાઈ ભાઇ થઇને રહ્યા છે અને રહેશે. વિશાળ હિન્દુધર્મની, જનકના હિન્દુધર્મની, ગૌતમબુદ્ધના હિન્દુધર્મની, મહાવીરના હિન્દુધર્મની આ પુણ્યભૂમિમાં અહિંસાનો ઉદય થયો છે.

આખી દુનિયા શાન્તિને ખોળે છે. ત્રસ્ત દુનિયા ત્રાહિ ત્રાહિ કરીને પોકારે છે; છતાં તેને શાન્તિનો રસ્તો જડતો નથી. જેઓ દુનિયાને લૂંટે છે, મહાયુદ્ધોને સળગાવે છે તેમને પણ આખરે તો શાન્તિ જ જોઇયે છે, પણ તે શાન્તિ કેમ પ્રાપ્ત થાય ?

બિહારની આ પવિત્ર ભૂમિમાં શાન્તિનો માર્ગ ક્યારનો નક્કી થઇ ચુકયો છે, પણ દુનિયાને તે સ્વીકારતાં હજુ વાર છે. પાવાપુરીના આ પવિત્ર સ્થળે તે મહાન માનવે પોતાનું આત્મસર્વસ્વ રેડી દુનિયાને તે માર્ગ સંભળાવ્યો હતો અને પછી શાન્તિમાં પ્રવેશ કર્યો હતો. દુનિયાના શાન્તિતરસ્યા લોકો નમ્ર થઈ, નિર્લોભી થઇ, નિરહંકારી થઇ જ્યારે ફરી તે દિવ્ય વાણી સાંભળશે ત્યારે જ દુનિયામાં શાન્તિ સ્થપાશે. અશાન્તિ, કલહ, વિદ્રોહ એ દુનિયાનો કાનુન નથી, નિયમ નથી, સ્વભાવ નથી, પણ તે વિકાર છે. દુનિયા જ્યારે નિર્વિકાર થશે ત્યારે જ મહાવીરનું અવતારકૃત્ય પૂર્ણતાને પામશે.

(નવજીવન અંક ૨૩ મો.) દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

# सत्य इतिहासनो थतो अनादर.

ગુર્જરીય સાહિત્ય યુગમાં નવચેતન પ્રસરાવનાર ગુજરાતી ભાષાના પાવરધા લેખક રા. રા. મુનશીની કલમથી ગુર્જર સાહિત્યપ્રેમીઓ અજાણ્યા નથી. તેઓની વિયત્‌વિહારી કલ્પનાઓ ઇતિહાસમાં બેહુંદા પાત્રો કલ્પી ઇતિહાસને અને પવિત્ર મહાપુરૂષોને ઉલટા રૂપમાં ચીતરવામાં આબાદ કામ કરે છે, તેઓની ગુજરાતની સેવા ઇતિહાસમાં અમરસ્થાન ભોગવશે પણ તે કલ્પિત ઇતિહાસમાંજ. ઇતિહાસ એ દરેક દેશની તવારીખો જાણવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહસ્થાન છે. દરેક દેશના ધર્મ કે સમાજની તવારીખો જાણવાનું મુખ્ય સાધન ઇતિહાસ છે. પછી ભલે તે કાવ્ય કે નાટકના રૂપમાં હોય.

ઇતિહાસમાં ઇતિહાસકાર પોતાના અનુભવની વાનકીને પોતાની વિવિધ રંગી કલમથી ચીતરી જનતા આગળ રજુ કરે છે. (પરંતુ તેને-ચિત્રને-ઇતિહાસને બેહુદા રૂપમાં નથી ચીતરતો એ ખાસ ખ્યાલમાં રાખવું.) ઇતિહાસકાર પોતાની વિવિધ રંગી કલમથી પાત્રોને કયાં સુધી ચીતરી શકે ? તે પ્રશ્ન જેમ ગહન છે, તેવીજ રીતે તેનો ઉત્તર પણ ગહન છે, છતાં એટલું તો ચોક્કસ છે કે ઇતિહાસકાર પોતાના કલ્પિત પાત્રોને ઉચ્ચ સ્થાને પહોંચાડતાં ઐતિહાસિક મહાપુરૂષોને-પાત્રોને વિકારી કદરૂપા કે ઉલટા રૂપમાં મૂકવા પ્રયત્ન આદરે, ત્યારે તો તે ઇતિહાસનું ખુન કરવાજ તૈયાર થાય છે, આપણે આને માટે ઇતિહાસનાં જુનાં પાનાં ઉથલાવવાં પડશે.

રામાયણમાં કેકયીને મન્યુયુક્ત જણાવે છે છતાં પતિવૃતાધર્મથી ઉલટી તો નજ બતાવે; રામને સીતાની પછવાડે વલોપાત કરતી બતાવે છતાં યુદ્ધકાતર તો નજ ચિતરે; સીતા પાસે રાવણને કલાકોના કલાકો સુધી કરગરતો બતાવે છે છતાં સીતાજીને તો શુદ્ધ પતિવૃતા સાધ્વી સ્ત્રીજ બતાવે છે; તેવીજ રીતે મહાભારતઆદિમાં પણ દ્રૌપદીને દાસી તરીકે બતાવે, છતાં તેણીની શિયળ-વેલને તો નવવિકસીતજ બતાવે. આવી રીતે બીજા ઘણા દાખલાઓ પુરાણો આદિમાં પણ મળી આવશે છતાં મૂળ પાત્રને તો કયાંય આંચ પણ ન આવવા દેવી તેમાંજ ઇતિહાસકારની ખરી ખુબી છે. ઇતિહાસકાર મૂળ પાત્રને સત્ય સ્વરૂપમાં ચીતરવામાં પોતાની વિવિધ રંગી કલમનો આબેહુબ ચીતાર ખડો કરે તેમાંજ તેની મહત્તા અને ગૌરવ સમાયલાં છે; એટલે આમાં કહેવાનું તાત્પર્ય એટલુંજ કે ઇતિહાસકાર પોતાની ઝમકભરી વિવિધ રંગી કલમથી પાત્રને ચીતરી શકે છે; પરંતુ એટલે સુધી છુટ તો નજ મેળવી શકે કે મૂળ પાત્ર કાલ્પનિક પાત્ર સાથે ઘટાવતાં બેડોળ ઉલટું બની જાય.

હવે હું મૂળ મુદ્દા ઉપર આવીશ. ગુર્જરીય સાહિત્યમંદિરના પરમભક્ત રા. રા. કવિવર દલપતરામ, રા. રા. ગોવર્ધનરામ ત્રિપાઠી, રા. રા. ધ્રુવ, કવિવર્ય નાનાલાલ અને છેલ્લે મુનશી ઠક્કુર આદિ ઘણા સાક્ષરોએ ગુજરાતી સાહિત્યોદ્યાનને ખીલવવામાં ભગીરથ પ્રયત્ન સેવ્યો છે. (આમાં કેટલાએક સાક્ષરોનો ઓછો વધતો પ્રયત્ન તો જરૂર થયેલોજ છે). રા. ત્રિપાઠી, રા. ધ્રુવ, કે કવિ આદિ સાક્ષરોની કલમ કલ્પનાસૃષ્ટિમાંથી ઉદ્દભવેલાં પાત્રોથી ઐતિહાસિક પુરૂષો-પાત્રોના પ્રતિપાદનમાંજ સમર્થતા પ્રાપ્ત કરાવી ઇતિહાસને નિર્વિકારી બનાવી જનતા આગળ રજુ થાય છે; ત્યારે રા. રા. મુનશી આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમમાંથી અવ્યાબાધ રીતે વિખુટા પડી પોતાની વિયત્‌વિહારી કલ્પનાઓ સામે ઐતિહાસિક મહાપુરૂષોને–પાત્રોને અવનવા રૂપમાં ( હોય તેથી ઉલટા રૂપમાં ) ચીતરે છે એ આ વીશમી સદીમાં અક્ષમ્ય અપરાધ કરે છે. ( ભલે તે મુનશીયુગમાં ચલાવી શકાય. )

રા. મુનશીની વિવિધ રંગી કલમથી ચીતરાયલા–બનાવેલા ઘણા ગ્રંથો છે, તેમાં ઐતિહાસિક મુખ્ય ગ્રંથો નીચે પ્રમાણે છેઃ—

**" પાટણની પ્રભુતા " " ગુજરાતનો નાથ " " પૃથ્વી વલ્લભ "** અને છેલ્લે " ગુજરાત " માં આવતો **" રાજાધિરાજ "** મુખ્ય છે. આ બધા ગ્રંથો, નવસાહિત્યયુવકોને આડે રસ્તે દોરવવાના શુભકાર્યમાં નિરાબાધ રીતે આગળ વધ્યે જાય છે.

પાટણની પ્રભુતામાં યતિને યમદૂતની ઉપમા આપવામાં તેઓની કલમે આંચકો ખાધો નથી. એક સામાન્ય સાધુ કે જે કદી ભલે ચારિત્રધારી ન હોય છતાં તેનું દયાભીનું હૃદય આટલી હદે પહોંચવાની ધૃષ્ટતા ન કરે પ્રસિદ્ધ પતિવ્રતા મિણુલને પણ મુંજાલ સાથે પ્રેમવિહારવ્યથાવાળી ચીતરી અડધી રાત્રે તેની પાસે એક યા બીજા કારણે મોકલે છે, ત્યાં રા. મુનશી એક આર્ય-બાળા ઉપર કલંકની ઝાંખી કરાવે છે. તેથી એ ઇતિહાસનો કેટલો બધો દ્રોહ કરે છે તેનો ખ્યાલ કલ્પનામાં ઉડતા આ મુનશીના લક્ષ્ય બહાર જાય એ કેટલું બધું અસંભવનીય ગણાય ? મિનલને ભાવચારિત્રશૂન્ય ચીતરવામાં તેઓની કલમે ખરેખરી બાહ્મીશતા બતાવી છે.

આગળ ગુજરાતના નાથમાં બહાદુર યોદ્ધો, પાકો મુત્સદ્દી, ચુસ્ત જૈન ઉદા મંત્રીને તેઓની ( રા. મુનશીની ) કલ્પિત સરસ્વતી સરખી મુગ્ધ મંજરીમાં મુગ્ધ બનાવે છે; અને લગ્ન કાં દીક્ષાની ધાક બતાવી પિંજરામાં પૂરવાની ધૃષ્ટતા કરતો ચિતરે છે; અને તેથી આગળ વધીને તેને ( ઉદાને ) તેણીનું ( મંજરીનું ) બળાત્કારે હરણ કરતો ચીતરવામાં તેઓની કસાયલી કલમે પાછુંવાળીને જોયું નથી; અને ત્યાંથી ત્રીભોવનપાળનો માનીતો કાક તેણીને છોડાવી પરાણે પરણે છે. ઉદાને ત્યાં સદાવ્રત ચાલતું હશે તેને માટે કલ્પનામાં આગળ વધેલા બહાદુર મુનશી લખે છે કે–"ભુખડીબારશ વાણીયા-શ્રાવકો તેને ત્યાં પડી રહેતા હતા." હજી આગળ ચાલતાં શ્રીમદ્ હેમચંદ્રા-ચાર્યની બળાત્કારે દીક્ષા, તેઓના દાદાનું કલ્પાંત, ઉદાની ક્રૂરતા આદિ ઘણી વિવિધ પ્રકારની વાનકીઓદ્વારા સાચા ઇતિહાસ ઉપર કલ્પનાનો વિવિધ રંગી પાશ આપી સાચા ઇતિહાસને આચ્છાદન કરી રહ્યા છે. છતાં ગુજરાતના કોઇ સુવિખ્યાત સાહિત્યપ્રેમીએ એ પાશ દૂર કરવા પ્રયત્ન સરખો પણ કર્યો જણાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના ઐતિહાસિક ઘણા ગ્રંથોમાં સાચા નિર્વિકારી પાત્રોને અને તેમાં પણ ઇતિહાસના ભૂષણરૂપ જૈન પાત્રોને ક્રૂર, વ્યભિચારી, અવિચારી, શઠ, ધર્માન્ધ આદિ અવનવી પુષ્પાંજલીથી વધાવવામાં મણા રાખી નથી. તેઓ પોતાના કલ્પિત પાત્રોની સાથે અધ્યાહૃત પુરૂષોને-પાત્રોને નિંદનીય સ્થાન આપવામાં પોતાની ઉદારતા માને છે.

હવે છેલ્લે ગુજરાતમાં આવતા રાજાધિરાજના લેખમાં તેઓ હદ વાળે છે; અને પોતાની સમગ્ર શક્તિનું બ્યાન આપતા હોય તેમ દેખાય છે. તેઓ ઉદાને કે જેણે શત્રુંજય તીર્થના ઉદ્ધારનું મહદ્ કાર્ય કર્યું છે, જે પોતાના ચતુર્થ વ્રતમાં સ્ત્રીને મા બહેન સરખી માને છે, જે બહાદુર યોદ્ધો છે, અને ચુસ્ત જૈન છે, એવાને પણ પોતાની કલ્પિત મદમાતી વિલાસી મંજરીના રૂપમાં મુગ્ધ બનાવી તેણીને મેળવવાની પેરવી કરતો ચીતરે છે, અને તેણીનાં મોહક વાગ્બાણોથી વિંધાયેલો ચીતરી તેણીની તાબેદારી ઉઠાવતો ચીતરે છે-બતાવે છે. ઉપરાંત તેને પોતાના પરમગુરૂ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીની મશ્કરી કરી, પોતાના પ્રેમમાં આડખીલીરૂપ માની પંડિતશિરોમણિ કાલ્પનિક યુવતી મંજરી સાથે વાદમાં પરાભવ પમાડવાની ધૃષ્ટતા કરતો બતાવે છે; અને સાથે નિર્વિકારી પ્રખર વિદ્વાન બાળબ્રહ્મચારી કળિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા પરમ પવિત્ર સાધુપુરૂષને પણ પોતાની કાલ્પનિક પરંતુ જીવંતરૂપે ખડી થતી અપ્સરા સરખી મંજરીના દર્શનમાત્રથી તેમના નિર્વિકારી મગજને વિકારી બનાવવા સાથે ભ્રમિત બનાવે છે. ખરેખર રા. મુનશી ઇતિહાસની માળાના મણિ સરખા આ પવિત્રપુરૂષને ભ્રમિત અને વિકારી ચીતરી ઇતિહાસની તે માળાને તોડી નાખવાનું સાહસ કરે છે, બીજા શબ્દોમાં કહું તો ઇતિહાસનું ખુન કરે છે. રા. મુનશી જેવા સાહિત્યપ્રેમીને આવા અપરાધ માટે દોષિત ગણી શકાય એમાં આશ્ચર્ય નથી, પણ તે આ ચાલતા યુગમાં ચાલી શકે ખરૂં ?

તેઓની કલ્પનાપ્રિય કલમ કયારે કયાં જઇને અથડાશે તેનો ખ્યાલ રા. મુનશીને નહિ હોય, પરંતુ જ્યારે તે કોઇ પર્વત સાથે અથડાશે ત્યારેજ તેનું પરિણામ બહુ વિષમ આવશે.

તેઓ ( રા. મુનશી ) પોતાની કલ્પનાશક્તિના બળ ઉપર જાદુઈ કામ કરતી કલમથી શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા પવિત્ર સાધુપુરૂષ ઉપર અને સુકન્યા જેવી નિષ્કલંક પવિત્ર સાધ્વી ઉપર પણ જાદુ કરવા નથી ચુકયા. તેઓ પોતાની ભૂલોકની માનવી સ્ત્રી પરંતુ કલ્પિત સરસ્વતી સરખી મંજરીથી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીને પરાભવ પમાડી તે માનુષ્યોત્તર મહાત્માને એક માનુષી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અબળાના પગમાં નમસ્કાર કરાવે છે. અરે ! માનુષી પરંતુ કલ્પિત દેવી મંજરી પાસે શુભાશીર્વાદ (?) અપાવે છે.

રા. મુનશી હિંદના હીરારૂપ કે જેઓની વિદ્વતા માટે, જેઓના ઉચ્ચ-ચારિત્ર માટે, જેઓની અવર્ણનીય સાહિત્યસેવા માટે, જેમના સાહિત્યપ્રેમ માટે સાક્ષરવર્ય શ્રીયુત્ ત્રીપાઠી, રા. રણજીતરામ, રા. ઇ. સૂ. દેશાઈ આદિ સાક્ષરો માન ધરાવે છે; અને મુક્તકંઠે જેની સ્તુતિ કરતાં કહે છે કે "અમારા દેશમાં–આર્યાવર્તમાં આવા નરરત્નો પાકયા છે–પાકયા હતા." અરે પાશ્ચાત્ય વિદ્વાનો પણ જેની સ્તુતિ કરતાં કહે છે કે "હિંદ ભાગ્યશાળી છે કે જે દેશમાં આવા સુઘટિત નરરત્નો પાકયા છે." જે મહાત્માને માટે આખું હિંદ ઋણી છે અને રહેશે. એવા પ્રખર પ્રતાપી પુરૂષ શ્રી હેમચંદ્રાચાર્ય ઉપર પોતાના પાત્ર પાસે અને તેમાં પણ એક કલ્પિત સ્રીપાત્ર પાસે આવું અણછાજતું (પરંતુ તેઓનું સુયોગ્ય) કામ કરાવતાં તેઓ પોતાની વિયત્‌વિહારી કલમને કેમ અટકાવી ન શકયા ? એ આશ્ચર્યકારક નહિ તો વિચિત્ર તો છેજ.

આ સાચો ઇતિહાસ ન કહેવાય પરંતુ પોતાની કલ્પનાશક્તિથી ચીતરેલું બીનઉપયોગી સંગ્રહસ્થાન કહેવાય, તેવો તે આભાસ કરાવે છે.

આમ્રભટ્ટ જેવા ચુસ્ત જૈન પોતાના પૂજ્યપાદ ગુરૂવર્યની મશ્કરી કરે અને કલ્પિત મંજરીનાં દર્શન કરવા–તેનાથી પરાભવ પમાડવા પ્રયત્ન કરે એ કેટલું બધું બેહુદુ છે ? શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા પ્રખર વિદ્વાન આચાર્ય મંજરીથી પરાભવ પામે એ માનુષી કલ્પનાસૃષ્ટિની બહારની વાત છે. ભલે, તેઓ પક્ષપાતને લીધે કદી શ્રીમદ્ હેમચંદ્રાર્યજીને સારા ન ગણે પરંતુ તેઓની વિદ્વત્તા અને ઉચ્ચ ચારિત્ર સામે પોતાની કાલ્પનિક કલમ ચલાવે એ તો જેમ સમુદ્રના બહુ મંથનથી અંતે વિષ કાઢયું, તેમ ગુર્જર સાહિત્ય-સાગરના બહુ મંથનથી કાઢેલું વિષ હોય તેમ આભાસ આપે છે. ખરો દાખલો જોવો હોય તો આગળ વધો; આગળ તે કાલ્પનિક બાળાના પુત્રને દેખી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી પાસે એમ કહેવડાવે છે કે "આ બાળક ભવિષ્યમાં જૈનદર્શનનો ઉદ્ધારકર્તા થશે."

ભાવનગરમાં હિંદુ અને જૈનનું ભાષણ આપનાર અને શ્રીમદ્ હેમ-ચંદ્રાચાર્ય જેવા સાધુપુરૂષને અવળા રૂપમાં ચીતરનાર એ બંને જુદા જુદા મુનશી હશે ? (જો કે તેમ નથી.) એક તરફ આવાં ભાષણ કરવાં અને બીજી તરફ આવું અવળું લખવું એ તો–"વદતો વ્યાઘાત" હોય તેમ લાગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. રા. કુંવરજીભાઈ જેવા ત્યાં હાજર હોવા છતાં અને આ બાબત જાણવા છતાં તે સંબંધી ઇસારો સરખોય ન કરે એ આપણી કેટલી બધી ભીરૂતા દર્શાવે છે.

હવે હું છેલ્લે **પુરંદરપરાજય** સંબંધે લખીને વિરમીશ. તેઓ ( રા. મુનશી ) એક જુની આર્યભાવનાન્વિતા બાળા સુકન્યાને એક અપંગ પતિ સાથેના વૃત્તાંતમાં પ્રથમ પોતાના યૌવનની ભોગી બનાવે અને પછી વિચાર આવતાં ઠેકાણે આવે-લાવે. એમાં તો રા. મુનશી ભૂલજ ખાય છે. સીતાજી, દમયંતી કે દ્રૌપદી આદિ મહાન્ સતીઓના મનમાં પતિના વિરહે પરપુરૂષની અનેક લાલચો હોવા છતાં, વિલાસની દરેક સામગ્રીઓ હોવા છતાં પણ એક વિકારનો અંકુરો સરખોય ન આવે, તેમાંજ તેઓનું ખરૂં સતીત્વ સમાયેલું-રહેલું છે; નહિં કે કંઈ કંઈ વિચારો આવ્યા અને પછી ઠેકાણે આવી. આમાંજ ખરી આર્યભાવના સમાયેલી છે. રા. મુનશી એ ભૂલી ગયા જણાય છે; નહિ તો તેના મનમાં વિકારનો અંકુરો સરખોય ન આવવા દેત.

તેઓની હૃદયભેદક કલમ અત્યારના સાહિત્યયુગમાં ભેદ પાડી રહી છે, તેની તેઓને દરકાર નથી. તેઓ પોતાના કલ્પિત પાત્રો સાથે કલ્પિત બનવાનો શુભ ( ? ) પ્રયત્ન આદરતા હોય તેમ સહેજે જણાઇ આવે છે. અત્યારના સાહિત્યયુગમાં બહાદુર ભડવીર મહાપુરૂષોને ઉલટા રૂપમાં ચીતરવામાં, સતીઓને-પવિત્ર આર્ય સાધ્વી બાળાઓને મનોભવના વિકારની ભોગી ચીતરવામાં તેઓ ( રા. મુનશી ) પોતાની મનમોહક કલમને બેધડક આગળ વધાર્યે જાય છે; છતાં તેની સાથે કોઇ પણ વીર સાહિત્યપ્રેમી વિનાસંકોચે માથું સરખું ઉંચું ન કરે એ ખરેખર વિચારણીય છે.

હવે હું અત્યારના **ગરવી ગુજરાતના** સાક્ષરોનું અને તેમાંય ખાસ જૈન સાક્ષરોનું આવી રીતે થતા ઇતિહાસના દ્રોહ તરફ લક્ષ્ય ખેંચી વિરમીશ. આપણે આપણું ( જૈનોનું ) ગુજરાતી સાહિત્ય તેમજ બીજું સાહિત્ય પણ છપાવી બહાર પાડવામાં મણા નથી રાખી, પણ હવે આ અણમોલો સમય નજ જવા દેવો, અને પોતાના સાહિત્યનેજ પ્રકાશમાં લાવવા પ્રયાસ કરવો તે વધારે ઉચિત છે. અત્યારે આપણી સમાજમાં સુપ્રસિદ્ધ લેખક મુનિશ્રી વિદ્યાવિજયજી પણ **"સાહિત્ય સંસદ સભ્ય"** બની રા. મુનશીની શેહમાં દબાઇ ગયા હોય અથવા તો બીજા કોઈ કારણે તેમ થયું હોય, પરંતુ આ સંબંધે એક પણ શબ્દ બોલવાની હિંમત ન બતાવે એ કેટલું બધું શોચનીય છે ! હવે સાહિત્યપ્રેમી શ્રીયુત જિનવિજયજી, શ્રી, ઉ. ઇતિહાસતત્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહોદધિજી, રા. મો. દેશાઇ, રા. સુશીલ, શ્રીયુત્ મો. ગી. કાપડીયા, વાં. મૌ. શાહ, રા. મં. ર. મહેતા, મ. કી. મહેતા, રા. કુંવરજીભાઇ, રા. વલ્લભદાસ આદિ સાહિત્યપ્રેમીઓ આ તરફ જરૂર લક્ષ્ય રાખશે. જૈનસમાજમાં આટલાં આટલાં પત્રો હોવા છતાં એકપણ પત્રકારે આ ચાલતા મુનશીયુગમાં પવિત્ર છતાં કલંકિત થયેલા આપણા પૂજ્યપુરૂષો તરફ નજર પણ ન કરી એ કેટલું બધું શરમભરેલું છે. જાહેર પત્રોમાં પણ એક સાહિત્યને બાદ કરીને કયા પત્રકારે પોતાની કલમ આ સંબંધે ચલાવી છે? ઇતિહાસ કોઇપણ ધર્મ કે કોમનો એકદેશીય ન કહેવાય. દરેક સમાજ કે ધર્મના સાક્ષરો સાચા ઇતિહાસને જણાવવામાં પાછી પાની કરે એ તો એક જાતનું કલંક વહોરી લેવા જેવું થાય છે; માટે દરેક સાહિત્યપ્રેમી સાક્ષરોએ અને તેમાંય ગરવી ગુજરાતના સુપુત્રોએ પોતાના જ્વલંત ભાવને પ્રકાશી રહેલ મહાપુરૂષના-ગુજરાતના ઇતિહાસનાજ નહિ-પરંતુ ભારતવર્ષના ઇતિહાસની માળાના ચળકતા હીરા સરખા આ પરમપુનિત પુરૂષપરના આવા ખોટા કલંકિત આક્ષેપો ઉપર જરૂર લક્ષ્ય આપવું જોઇએ. આ લેખ મેં કોઇને ઉતારી પાડવાના ઇરાદાથી નથી લખેલ, પરંતુ ફક્ત સાચો ઇતિહાસ ઢંકાઇ જતો હોવાથી તેને ખુલ્લો પાડવાના શુભ ઉદ્દેશથીજ લખવા પ્રયત્ન કરેલ છે, માટે હંસવત્ સારગ્રાહી વાંચકો આ આગળ વધતા મુનશીયુગમાં પવિત્ર છતાં કલંકિત બનેલા મહાપુરૂષો પરના કલંકને ઉતારવા પ્રયત્ન કરે એ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

ધ્રાંગધ્રા ઉપાશ્રય. મુનિ ન્યાયવિજય.

# श्री जैनधर्मप्रकाशमहिमाष्टकम्.

॥ श्रीमज्जिनेभ्योऽस्तु मुदा नमो मे ॥

किं तत् सूर्यस्य तेजो विकलयति जनान् यत्सदैवाऽतिभीष्मं
किं तत् सप्तार्चिषो यत् यम इव नितरां सर्वभक्षित्वमाप्तम् ।
किं तद्वा शीतरश्मेर्विरहितजनततेर्यच्च दुःखाय तस्मात्
सर्वानन्दप्रदायी जयतु चिरतरं जैनधर्मप्रकाशः ॥ १ ॥

विश्वानन्दप्रदायी कलिमलहरणः साधुचक्रेण पूज्यः
श्रेयस्कृत् सौम्यगोभिर्बुधनतचरणो मंदिरं मङ्गलस्य ।
अक्षय्यो निष्कलङ्को घनदुरिततमोजालमुन्मूलयन् यः
इन्दोस्तेजोऽतिशायी स जयतु सततं जैनधर्मप्रकाशः ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यत्स्वीयैर्विश्वविश्वं विधुरयति करैर्दुःसहैः सर्वकालं
यस्यास्यं नैवलोका नयनसलिलमूकर्हि पश्यन्ति सन्तः ।
तेनालं घर्मरश्मेरयि भविमनुजास्तेजसा चेत् सुखस्य
वांछा वस्तच्छ्रयध्वं निखिलगुणगृहं जैनधर्मप्रकाशः ॥ ३ ॥
मार्गामार्गौ प्रकटयति यस्तत्त्वबोधं तनोति
पद्मोल्लासं वितरति सदा दुःप्रचारान् रुणद्धि ।
संतापं यो हरति भविनां प्रीतिवृद्धिं करोत्य-
ऽज्ञानध्वान्तं घ्नति विजयतां जैनधर्मप्रकाशः ॥ ४ ॥
संसारारण्यमध्ये शुभगुरुवसनानावृतानां जना वो
दुःसह्यं तर्कवात्या भवमनुदिवसं यर्हि मिथ्यात्वशीतम् ।
भ्रांतानां बाधते भो समयगृहमनासादितानां तदाशु
त्यक्त्वालस्यं श्रयध्वं सकलसुखकरं जैनधर्मप्रकाशम् ॥ ५ ॥
संसारारण्यवासेऽयि भविकमनुजाः क्रोधलोभादिचौरै-
र्मोहादिश्वापदैर्वा त्रिभुवनजनताक्षोभकृद्भिश्च दुष्टैः ।
त्रस्तानां निस्तितीर्षा भवति जिगमिषा मुक्तिपुर्यां यदा वो
गृह्णीध्वं तर्हि हस्ते सकलसुखकरं जैनधर्मप्रकाशम् ॥ ६ ॥
नित्यं यः सौख्यदायी विकसितमतयः सज्जना यं श्रयंति
येनार्त्तिर्नीयते द्राक् क्षयमनुदिवसं नौति यस्मै त्रिलोकी ।
स्याद्यस्मान्मोक्षलक्ष्मीः सुरनरपदवी यस्य दास्यं तनोति
यस्मिन् श्रेयोनिवासः श्रयततमनिशं जैनधर्मप्रकाशम् ॥ ७ ॥
अमलगुणनिवासः प्रस्फुटज्ञानभासः, कृतदुरितविनाशः क्षुण्णसंसारपाशः ।
विहितहितविकाशः सर्वदा पूरिताशः, जयति वृषविलासः जैनधर्मप्रकाशः ।८।
हरति दुरितजालं पुष्यति ज्ञानलक्ष्मी-मपनयति कुनीतिं मोहपाशं भिनत्ति ।
रचयति च विशुद्धिं मुक्तिसौख्यं ददाति, श्रयत भविजनास्तं जैनधर्मप्रकाशम् ।९
अमरविजयपादांभोजभृंगायमान-
श्चतुरविजय एतत् पड्हयांकेंदुवर्षे ।
विहितदुरितशांतेरष्टकं यस्य चक्रे
स जयतु भुवनेऽस्मिन् जैनधर्मप्रकाशः ॥ १० ॥

इति श्री जैनधर्मप्रकाशमहिमाष्टकं समाप्तम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( उपरना अष्टकनो अर्थ. )

' श्री जिनेश्वरने मारो हर्षथी नमस्कार हो. '

" सूर्यना प्रखर तेजनुं शुं प्रयोजन छे के जे हर हम्मेश लोकोने विह्वल बनावे छे, अग्निना अति प्रचंड तेजथी शो लाभ छे के जे यमराजानी पेठे सर्वभक्षीपणा ( कृतांत पणा ) ने पामेल छे, तेमज वळी चन्द्रनी शांत कांति शा कामनी छे के जे अहर्निश वियोगीजनना समूहने दुःखित करे छे, तेथी सघळाने आनन्द आपनार जैन धर्मनो प्रकाशज दीर्घकाळ पर्यंत जयवंतो वर्तो ॥ १ ॥

" जे जैनधर्मनो प्रकाश सकळ जगतने आनंद आपनार, कलि ( कलियुग ) ना ( मळ ) पापने नष्ट करनार, साधुसमूहथी पूजवालायक, शान्तकिरणोथी कल्याणने करनार, बुद्ध (विद्वान-देव)जनथी नमायेल, मंगळना घरसमान, विनाशने नहिं पामनार, कलंकरहित तेमज बहु पाप रूपी अंधकारना समूहने निकंदन करतो थको चंद्रना तेजथी पण अधीक तेजस्वी छे ते हमेशां आनन्द वर्द्धक हो. ॥ २ ॥

" सूर्य तो पोताना असह्य किरणोथी सर्व अवसरे समग्र विश्वने विह्वल बनावे छे, एटलुंज नहिं परंतु जे सूर्यनुं मुख आंखोमांथी अश्रुप्रवाहने वहेवरावनारुं होवाथी सन्तपुरुषो कदी जोता नथी, माटे तेवा सूर्यना तेजथी सर्युं, अतः हे भव्यात्माओ ! जो तमोने सुखनीज वांछा होय तो सकळ गुणोना स्थानरूप जैन धर्मना प्रकाश (तेज)ने सेवो ॥ ३ ॥

" जे जैन धर्मनो प्रकाश सन्मार्ग तथा उन्मार्गने ( ग्राह्य तथा अग्राह्यरूपे ) देखाडे छे, शास्त्रना सुंदर बोधने विस्तारे छे, लक्ष्मीनी वृद्धिने करे छे, निरंतर दुष्ट विचारोना प्रवाहने रोके छे, क्लेशने दूर करे छे अने भविकजीवोनी प्रीतिनी वृद्धिने करे छे, तेमज अज्ञानरूपी अन्धकारने नष्ट करे छे, अत एव ते जैन धर्मनो प्रकाश विजयने पामो. ॥ ४ ॥

" हे लोको ! संसाररूपी जंगलमां सद्गुरुरूपी वस्त्रोथी रहित, भ्रमित थयेल अने जैनशास्त्ररूपी घरने नहिं पामेल एवा तमोने जो विकल्परूपी वायुना समूहथी प्रकटेल, असह्य एवी मिथ्यात्वरूपी ठंडी पीडा करती होय तो जल्दीथी प्रमादने छांडीने समग्र सुखने करनारा जैन धर्मना प्रकाशने सेवो, जेथी मिथ्यात्वरूपी ठंडी स्वतः नष्टताने पामशे. ॥ ५ ॥

" हे भविक जीवो ! क्रोध लोभादि चोरोथी अने त्रण भुवनना जनसमूहने डरावनार दुष्ट मोहादि शीकारी पशुओथी भयभीत बनेला एवा तमोने आ संसाररूपी अरण्यने उल्लंघी जवानी इच्छा होय अने मोक्ष-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગરને મેળવવાને ચાહતા હો તો સમગ્ર સુખને આપનાર જૈન ધર્મના પ્રકાશને હસ્તમાં ગ્રહણ કરો ॥ ૬ ॥

" હે આત્માર્થી જનો ! તે જૈનધર્મના પ્રકાશને સેવો કે જે પ્રતિદિન અહર્નિશ સુખસંદોહને દેનારો છે, જેને બુદ્ધિશાળી સજ્જનો સેવે છે, જેના વડે તુરતમાં ( આધિ વ્યાધિ અને ઉપાધિ રૂપ ) પીડા માત્ર નષ્ટ થાય છે, જેને ત્રણ લોક ( સ્વર્ગ મૃત્યુ અને પાતાળ ) નો જનસમૂહ સ્તવે છે, જેનાથી મોક્ષલક્ષ્મી પ્રગટે છે, જેના સેવકપણાને દેવ તથા મનુષ્યો સ્વીકારે છે તેમજ જેને વિષે કલ્યાણ રહેલું છે. ( આ શ્લોકમાં કર્તાએ એવી ખુબી દેખાડી છે કે યત્ શબ્દના સાતે વિભક્તિઓના એક વચનના પ્રયોગથી ' જૈન ધર્મ પ્રકાશ ' ને વિશેષ પ્રકાશિત કરેલ છે. ) ॥ ૭ ॥

" નિર્મળ ગુણોના સ્થાનભૂત, સ્પષ્ટ જ્ઞાનને વિકસાવનાર. પાપોને નષ્ટ કરનાર, સંસારના માયાવી પાશને છેદનાર, આત્માના ગુણોનો વિકાસ કરનાર, અને હમ્મેશાં આશાઓને પૂરનાર એવો ધર્મના વિલાસવાળો જૈનધર્મનો પ્રકાશ જયવંતો વર્તે છે. ॥ ૮ ॥

" હે ભવ્યાત્માઓ ! તેવા પ્રકારના જૈનધર્મના પ્રકાશને સેવો કે જે પાપના સમૂહને હરે છે, જ્ઞાનલક્ષ્મીને પોષે છે, દુષ્ટ નીતિને દૂર કરે છે, મોહના ફાંસાને છેદે છે, પવિત્રતાને વિસ્તારે છે અને મુક્તિના સુખોને આપે છે. ॥ ૯ ॥

" પાપોની શાંતિને કરનાર જે " જૈનધર્મપ્રકાશ " નું અષ્ટક ( મંગલમય અષ્ટકસ્તોત્ર ) મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજના ચરણકમળમાં ભ્રમર સમાન મુનિ ચતુરવિજયજીએ વિ. સં. ૧૯૭૬ના વર્ષે રચ્યું તે જૈનધર્મનો પ્રકાશ આ અવનિતલમાં જયવંતો વર્તો. ॥ ૧૦ ॥

( " શ્રી જૈન ધર્મ પ્રકાશ " ના મહિમાને સૂચવનારૂં અષ્ટક સંપૂર્ણ.

## ખાસ જરૂર છે.

# श्री भोजप्रबंध संस्कृत.

ભોજરાજા એકથી વધારે થયા છે અને ભોજપ્રબંધ પણ એકથી વધારે બનેલા છે. તેમાંથી એક અપૂર્ણ ભોજપ્રબંધનું ભાષાંતર ગાયકવાડ સરકારે છપાવેલું છે. પરંતુ તે બરાબર થયેલ નથી, તેથી એ પ્રબંધનું ભાષાંતર સારૂં કરાવીને છપાવવા ધારણા છે. રાણપુરનિવાસી શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમે સહાય આપવા સ્વીકાર્યું છે. તેથી જેમની પાસે અથવા જ્યાંના ભંડારમાં ભોજપ્રબંધ હોય તેમણે અમને ખબર આપવા અને બની શકે તો મોકલાવવા તસ્દી લેવી. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# भावनगरमां महोत्सव.

ચાલુ વર્ષના માહ ફાગણમાં લગ્નસરા બહુ ચાલેલી છે. ભાવનગર ખાતે પણ એ શુભ પ્રસંગ ઘણા જૈન ભાઈઓને ત્યાં હતો; હાલમાં એ સાંસારિક શુભ પ્રસંગની સાથે ભાવનગરમાં ધાર્મિક પ્રસંગ જોડવાની પ્રવૃત્તિ વૃદ્ધિ પામી છે. ઘણા ભાઈઓ પોતાને ત્યાં લગ્ન-મંડપમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવે છે અને ધર્મસંબંધી વરઘોડા ચડાવે છે. તેમાં ચાંદીના રથની અંદર પ્રભુ પધરાવે છે અને વર અથવા કન્યા જેને ત્યાંથી વરઘોડો ચડાવવામાં આવ્યો હોય તે પ્રતિમાજી લઇને બેસે છે. આ વરઘોડામાં જેમ બને તેમ વધારે શોભા લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે, જેથી જૈનશાસનની ઉન્નતિ થાય છે. આ વરઘોડાની પ્રવૃત્તિ વધવાથી લગ્નસંબંધી ફૂલેકા તો બંધ થયેલા છે, કન્યાને ચુંદડી ઓઢવા જવાનું બંધ થયેલું છે અને વરના વરઘોડામાં પણ હવે બહુ ધામધુમ કરવામાં આવતી નથી. માત્ર બેન્ડ, એક ઘોડો ને દીવાબત્તીથી ચલાવી લેવામાં આવે છે. ધાર્મિક વરઘોડા આ લગ્નગાળામાં ભાવનગર ખાતે ૧૫-૨૦ ચડાવવામાં આવ્યા હશે. માહમાસમાં વોરા અમરચંદ જસરાજને ત્યાં તેમના પુત્ર જગજીવનદાસના પુત્ર નગીનદાસના વદિ ૮ ના લગ્ન હતા. તે પ્રસંગને લઇને તેમણે પોતાને ઘરે ઉજમણું પાંચ છોડનું માંડયું હતું અને ઘરદેરાસર તો છેજ, પરંતુ તદુપરાંત પ્રભુ પધરાવી અષ્ટાન્હિકા મહોત્સવ કરવામાં આવ્યો હતો. પ્રાંતે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું, આથી શાસનોન્નતિ બહુ સારી થઈ છે. પ્રાંતે સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યું છે.

શા. આણંદજી પુરૂષોત્તમને ત્યાં માહ શુદિ ૧૧ ના તેમના પુત્ર ગુલાબચંદના પુત્ર મનમોહનના અને માહવદિ ૧૧ ના તેમના પુત્ર કુંવરજીના પુત્ર નગીનદાસના લગ્ન હતા. એ બંને પ્રસંગમાં લગ્ન-મંડપમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી અને ધાર્મિક વરઘોડા ચડાવવામાં આવ્યા હતા. ત્રીજા લગ્ન ફાગણ શુદિ ૩ ના તેમના પુત્ર ગીરધરલાલના પુત્ર મોતીચંદના પુત્ર વિનયચંદ્રના હતા. જાન મહુવે જવાની હતી. એ શુભ પ્રસંગને લગતું ભાઇ મોતીચંદે કરેલા જ્ઞાનપંચમીના તપનું ઉદ્યાપન મોટા જિનમંદિરમાં માંડવામાં આવ્યું હતું. માહ વદિ ૧૩ શે તે મંડપની અંદર નવીન કરવામાં આવેલી શ્રી સિદ્ધાચળ મહાતીર્થની અપૂર્વ રચનામાં પ્રભુ પધરાવવામાં આવ્યા હતા, અને છોડ સંબંધી વરઘોડો ચડાવી છોડ બાંધવામાં આવ્યા હતા તેમજ કુંભસ્થાપના કરીને અખંડ દીવાનું સ્થાપન કરવામાં આવ્યું હતું, અષ્ટાન્હિકા મહોત્સવ (૧૦ દિવસનો) તે દિવસથીજ શરૂ કરવામાં આવ્યો હતો. મુંબ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈથી ખાસ ચીમનલાલ ભોજક વિગેરેને અને પાલીતાણાથી ગાયન મંડળીને બોલાવવામાં આવી હતી. દરરોજ જુદી જુદી પૂજાઓ ભણાવવામાં આવતી હતી. જાન શુદિ ૩ ને દિવસે મહુવે ગઇ હતી, પરંતુ પૂજા ભણાવવાનું કાર્ય શરૂ રાખવામાં આવ્યું હતું. બે દિવસ ઓીવર્ગે પૂજા ભણાવી હતી. શુદિ ૫ મે શાંતિસ્નાત્ર નિમિત્તે ગ્રહદિગ્પાળનું પૂજન કરવામાં આવ્યું હતું અને શુદિ ૬ ઠે શાંતિસ્નાત્ર ઘણા આનંદ સાથે ભણાવવામાં આવ્યું હતું.

સિદ્ધાચળની રચના તે કાર્યના પ્રવીણ સલાટ વિગેરેને બોલાવીને કરાવવામાં આવી હતી. તે હજુ કાયમ રાખવામાં આવી છે. તેની અંદર નવે ટુંકનો દેખાવ તેમજ પાલીતાણા શહેર, ભાતાતળાટી, જયતળાટી, બાબુનું દેરાસર અને ત્યાંથી તમામ રસ્તો બતાવવામાં આવ્યો છે. દરેક ટુંકે ટુંકે, રસ્તે અને જાહેર સ્થળે તે સ્થળના નામના બોર્ડ મારવામાં આવ્યા છે. હનુમાન ધારાથી બે રસ્તા કરવામાં આવ્યા છે. એક મૂળ ટુંક તરફ અને બીજો ચૌમુખજીની ટુંક તરફ જાય છે. મૂળ ટુંક ફરતો વિશાળ કોટ નાખેલો છે. તેમાં શ્રી શાંતિનાથજીનું દેરાસર વિગેરે બતાવવામાં આવેલ છે. નવે ટુંકમાં આરસના જિનબિંબો પધરાવ્યા હતા, તેમાં ચૌમુખજીની ટુંકમાં ચાર પ્રભુ બિરાજમાન કર્યા હતા. શાંતિનાથજીના દેરામાં અને બાબુસાહેબના દેરામાં પણ પ્રભુ પધરાવ્યા હતા. જયતળાટીનો દેખાવ આબેહુબ કરવામાં આવ્યો છે. તેમાં બે દેરીમાં આરસનાં પગલાં પધરાવવામાં આવ્યા હતા. રચનાની અંદર વીજળીની લાઇટ વિગેરેની ગોઠવણ સારી કરેલી હોવાથી તેની શોભામાં રાત્રે ઓર વૃદ્ધિ થતી હતી.

ઉદ્યાપનની તજવીજ બહુ મુદતથી ચાલતી હતી; સુરત ખાતે છોડ ભરાવવાનું કામ ચાલતું હતું. મૂળ પાંચ છોડમાં ઘણું સરસ ઝીક ચળક ને કશબનું કામ કરાવવામાં આવ્યું છે. મધ્યના છોડમાં મધુબિંદુનું દૃષ્ટાંત આબેહુબ બતાવી આપ્યું છે. વૃક્ષ, નીચે કુવો, તેમાં ચાર સર્પ, એક અજગર, માથે મધપુડો, હાથી, રાક્ષસ, દેવવિમાન, મધમાખીઓ, મધનાં ટીપાંઓ, અને તેનો સ્વાદ લેનારો તેમાં લલચાઇ રહેલો ઝાડની શાખા સાથે લટકતો પુરૂષ આબેહુબ બતાવવામાં આવેલ છે. ધોળા ને કાળા ઉંદરને પણ ડાળી કાપતા બતાવ્યા છે. આ મુખ્ય છોડમાં કામ વધારે કરવામાં આવેલ છે, તેની બે બાજુના બે છોડમાં બાહુબળીને કાઉસગ્ગધ્યાને ઉભેલા બતાવ્યા છે. બ્રાહ્મી ને સુંદરી તેમને ' વીરા મારા ગજથકી ઉતરો ' એમ કહેવા આવેલી બતાવી છે, બંને છોડમાં એક સરખું કામ કરેલું હોવાથી બંને બાજુ બે છોડ બહુ દીપતા હતા. તેની બે બાજુમાં બે છોડની અંદર સૂર્યચંદ્ર વિગેરે બતાવવામાં આવેલ છે અને બીજી શોભા કરેલી છે. તે પણ પ્રથમના ગણની સાથે એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ થઇ જતા હતા. આ પાંચ છોડની અંદર સુમારે ચાર હજાર લગભગનું કામ કરાવવામાં આવેલ છે, તેમાં છોડ સાથે રૂમાલ ,પાડું વિગેરેચીજોનો સમાવેશ થાય છે. તે ચીજો મૂળ છોડને અનુરૂપજ બનાવવામાં આવેલ છે.

પાંચ છોડની બે બાજુ બે છોડ–એક તેમના લઘુબંધુ નેમચંદનો અને એક તેમની ફઇ રામબાનો કરાવેલો–બાંધ્યા હતા, તેમાં પણ સોનેરી ભરત કામજ કરાવવામાં આવેલ છે. બીજા શ્રી સંઘમાંથી છ સાત છોડ પરચુરણ બહેનો તેમજ ભાઇઓના કરાવેલા બંધાયા હતા, દરેક છોડની અંદર પુષ્કળ વસ્તુઓ–જ્ઞાન દર્શન ને ચારિત્રના ઉપગરણો મૂકવામાં આવેલ હતા. મુખ્ય છોડમાં ઘણી ચીજો ચાંદીની મૂકી હતી અને બીજા છોડમાં જર્મનની અને ત્રાંબા-પીતળની મૂકવામાં આવી હતી. મૂળ છોડને અંગે ત્રણ બાજોઠ ને સિંહાસન જમનના પત્રાથી મઢાવીને કરાવવામાં આવ્યા હતા. એક ભંડાર પણ તેવોજ કરાવવામાં આવ્યો હતો. મૂળ છોડમાં મૂકેલી ચીજોનું લીસ્ટ નીચે પ્રમાણે—

( ઉજમણામાં મુકેલી વસ્તુની યાદી. )

૧. સુરતથી ઝીકની ભરાઇને આવેલી વસ્તુઓ-૧ પુંઠીયું, ૨ ઝરમર ચંદરવો, ૩ તોરણ, ૪ રૂમાલ, ૫ પાઠાં, ૬ પાટલી, ૭ ઝોરણી, ૮ કોથળી.

૨. અમદાવાદથી આવેલી વસ્તુઓ–૧ ઠવણી, ૨ કવળી, ૩ સાપડા, ૪ સાપડી, ૫ ડાબલા ( પુસ્તકો મૂકવાના ), ૬ પાટી, ૭ ડંડાસણ, ૮ મોરપીંછી નાની તથા મોટી, ૯ બાજોઠી, ૧૦ ઘાબળી, ૧૧ પાટલા રંગીત, ૧૨ પુંજણી, ૧૩ ડાંડા, ૧૪ ઝભાની કામળી, ૧૫ નાની ચરવળી, ૧૬ ગુચ્છા, ૧૭ લાકડાની પાટલી, ૧૮ સંથારીઆ, ૧૯ સુખડની ડાંડીના ચરવળા, ૨૦ સુપડી, ૨૧ ઓઘા.

૩. મુંબઇથી આવેલી વસ્તુઓ–૧ નાના સિંહાસન, ૨ કળશ, ૩ છત્ર, ૪ ચામર, ૫ રકેબી, ૬ વાટકા, ૭ ધૂપધાણા, ૮ આરતી, ૯ મંગળદીવા, ૧૦ દીવી, ૧૧ કંકાવટી, ૧૨ ત્રાંબાકુંડી, ૧૩ આચમની, ૧૪ ખુમચા, ૧૫ કળશા, ૧૬ હાંડા, ૧૭ સુખડના કટકા, ૧૮ ઘંટ, ૧૯ ઝાલર, ૨૦ વાટકી, ૨૧ દર્પણ, ૨૨ ટકોરી, ૨૩ હાંડી ઘાટના કળશા, ૨૪ ફુલની છાબડી, ૨૫ ઘડી, ૨૬ લાકડાની બાજોઠી.

૪. ભાવનગરમાંથી તૈયાર કરાવેલી વસ્તુઓ-૧ મૂળ આગમના પુસ્તકો ૧૧, ૨ લેખણ, ૩ છરી, ૪ કાતર, ૫ ખડીઆ, ૬ સ્લેટ, ૭ કાગળ, ૮ કાંઠા, ૯ કાંકરા, ૧૦ પેન્સીલ, ૧૧ વતરણા, ૧૨ હોલ્ડર, ૧૩ ટાંક, ૧૪ પીતળના પવાલા, ૧૫ પીતળની ડોલ, ૧૬ વાળાકુંચી, ૧૭ અંગલુહણા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ ઓરસીઆ, ૧૯ કેશરના પડીકા, ૨૦ પૂજાના વસ્ત્રની જોડ, ૨૧ અષ્ટ-મંગળ, ૨૨ કાંસી, ૨૩ ફાનસ, ૨૪ પાત્રાની જોડ (બીયાવરથી આવેલી), ૨૫ તરપણી, ૨૬ ચેતના, ૨૭ મુહપત્તિ, ૨૮ કટાસણા, ૨૯ ઝોળી, ૩૦ સાધુ સાધ્વીનાં કપડા, ૩૧ વાસક્ષેપ, ૩૨ બરાસ, ૩૩ અગરવાટ, ૩૪ વાસક્ષેપનાં વાવટા, ૩૫ નવકારવાળી, ૩૬ નવકારવાળીની ખલેચી, ૩૭ ત્રણ બાજોઠ, ૩૮ પ્રભુ પધરાવવાનું સિંહાસન, ૩૯ ભંડાર ચોખાનો ૪૦ ચક્ષુ ટીલા.

કુલ મળીને દરેક છોડમાં સો સો જાતની ચીજો મૂકવામાં આવી હતી.

મૂળ આગમનાં પુસ્તકોની યાદી--(૧) શ્રી નિર્યાવળી. (૨) શ્રી તંદુલવૈચારિક, (૩) શ્રી ઉપાસક દશાંગ, (૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર, (૫) શ્રી અંતકૃત દશાદિ, (૬) શ્રી ઓઘ નિર્યુક્તિ, (૭) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રથમ ભાગ, (૮) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ દ્વિતીય ભાગ, (૯) શ્રી આવશ્યક વૃત્તિ, (૧૦) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ, (૧૧) શ્રી જીવાજીવાભિગમ.

(આ લીસ્ટ બીજા ઉદ્યાપન કરવાના ઉત્સાહવાળા બંધુઓને ઉપયોગી થાય તેટલા માટે આપવામાં આવેલ છે બાકી એ સંબંધમાં વિશેષ હકીકત જૈન ધર્મ પ્રકાશ પુ. ૬ ઠ્ઠાના અંક ૭ મામાં આપવામાં આવેલ છે.

મહોચ્છવની અંદર પૂજા ભણાવવાનું કામ તેના ભણાવનાર પ્રવીણ મળવાથી સારૂં થતું હતું. રાત્રિએ રોશની બહુ સારા પ્રમાણમાં થતી હોવાથી ચોતરફ ઝળઝળાટ થઇ રહેતો હતો. પરમાત્માની આંગી પણ મૂળદેરાસરજીમાં અને મંડપમાં જુદા જુદા પ્રકારની રચાવવામાં આવતી હતી. તેથી તેમજ રચના વિગેરેના આકર્ષણથી દર્શનનો લાભ લેનારાની સંખ્યા ઘણી થતી હતી. બેન્ડ અને નોબત પણ ગાજી રહેતા હતા. રાત્રિએ તો દેરાસરમાં પગ મૂકવા જેટલી જગ્યા પણ રહેતી નહોતી.

એક દિવસ દરબારી મુખ્ય મુખ્ય અધિકારી વર્ગને તેમજ નગરશેઠ વિગેરેને દર્શન નિમિત્તે પધારવાનું આમંત્રણ કરવામાં આવ્યું હતું. પ્રાયે દરેક ગૃહસ્થો પધાર્યા હતા અને સિદ્ધાચળની રચના તેમજ ઉજમણાના છોડ વિગેરે જોઇને બહુજ પ્રસન્ન થયા હતા, તે સાથે જિનગુણગાન થતું હતું તે સાંભળવાનો પણ તેઓએ લાભ લીધો હતો.

એક દિવસ રથયાત્રાનો વરઘોડો મહોત્સવને અંગે ચડાવવામાં આવ્યો હતો. તેની અંદર દરબારી રસાયત, ડંકો, નિશાન, હાથી, બોડીગાર્ડો, પોલીસો, આરબો વિગેરે લાવવામાં આવ્યા હતા. રથ અને પાલખી ઉપરાંત હાથી ઉપર પણ દરબારશ્રીને બેસવાના હોદામાં પ્રભુ પધરાવવામાં આવ્યા હતા. વર પ્રભુને લઇને બેઠેલા હતા. બે બાજુ ચામર વીંજાતા હતા. છત્ર રાખેલ હતું. વરઘોડાની શોભા બેન્ડ વિગેરે વાજીંત્રો તથા સાંબેલાઓ વિગેરેથી સારી આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિસ્નાત્રની અંદર ફળ નૈવેદ્ય અનેક પ્રકારનું લાવવામાં આવ્યું હતું, તે સઘળું પરમાત્માની આગળ ધરતાં તેની શોભા બહુ શ્રેષ્ઠ લાગતી હતી. શાંતિસ્નાત્ર ભણાવવાનું કાર્ય છાણી નિવાસી ઉત્તમ શ્રાવક જમનાદાસભાઈ હીરાચંદે શાંતિથી કર્યું હતું. અષ્ટોત્તરીસ્નાત્ર પણ તેઓએજ ભણાવ્યું હતું.

શાંતિસ્નાત્રને દિવસેજ નવકારશી (લોંકા તપાના સંઘ)નું સ્વામીવચ્છળ કરવામાં આવ્યું હતું. મહુવે પણ શ્રી સંઘનું સ્વામીવચ્છળ કર્યું હતું. મહુવા ખાતે તે પ્રસંગે નીચે પ્રમાણેની રકમ શુભ નિમિત્તમાં આપી હતી.

૫૦૧ શ્રી મહુવા જૈન બાળાશ્રમમાં. ૫૧ સાધારણમાં. ૨૫ ભંડારમાં.

૫૧ સીદાતા સ્વામીભાઇઓના ફંડમાં. ૫૧ જીવદયામાં. ૫૧ જ્ઞાતિફંડમાં.

ભાવનગર ખાતે પણ નીચે જણાવેલા ખાતાઓમાં સુમારે બે હજારની રકમ આપવામાં આવી હતી.

૫૦૧ જ્ઞાન સંબંધી પુસ્તક પ્રકાશનમાં.

૨૫૧ શ્રી મુંબઇ મહાવીર વિદ્યાલયમાં.

૧૨૫ શ્રી પાલીતાણા યશોવિજય ગુરૂકુળમાં.

૧૨૫ શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમમાં.

૧૦૧ શ્રી મુંબઈ માંગરોળ જૈનસભામાં.

૧૫૧ શ્રી ભાવનગર વનિતા વિશ્રામમાં.

૫૧ શ્રી ભાવનગર નંદકુંવરબા ઓર્ફનેજમાં.

૫૧ શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં.

૫૧ શ્રી ભાવનગર જૈનયુવકમંડળમાં.

૫૧ શ્રી ભાવનગર શુભેચ્છકમંડળમાં

૫૧ શ્રી શુભેચ્છક મંડળ મારફતના જૈન નિરાશ્રિત ફંડમાં.

૫૧ શ્રી ભાવનગરગોધારી મિત્રમંડળમાં.

૫૧ શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળામાં.

૫૧ શેઠ ત્રિભુવનદાસ ભાણજી જૈન-કન્યાશાળામાં.

૫૧ શ્રી બુદ્ધિસિંહ જૈન પાઠશાળા પાલીતાણામાં.

૧૨૫ શ્રી જીવદયામાં.

શ્રાવણ શુદિ ૩ના સ્વામીવચ્છળમાં.

૫૧ શ્રી સુરત જૈન વનિતાવિશ્રામમાં. ૫૧ જામનગર પાંજરાપોળમાં.

ઉપર પ્રમાણેનું સત્કાર્ય કરી મહોત્સવ સંપૂર્ણ કર્યો બાદ તેની અંદર મૂકેલી ચીજો તથા છોડ વિગેરે યોગ્ય સ્થળે આપવા સંબંધી વ્યવસ્થા કરવામાં આવી છે. આ શુભ કાર્ય લગ્નને અંગે કરવામાં આવેલ નથી, પણ એ પ્રસંગની સાથે આ પ્રસંગ લેવામાં આવ્યો છે. અન્ય બંધુઓને અનુકરણીય જણાવાથી અમે તેની નોંધ વિસ્તીર્ણ લીધેલી છે. મળેલા દ્રવ્યનો આ પણ એક અપૂર્વ લ્હાવો છે. ઉત્તમ મનુષ્યો લક્ષ્મી મેળવીને તેનો સદુપયોગ કરેજ છે. આ તો પ્રથમની ગણત્રીમાં બહુ અલ્પ છે. પૂર્વે અનેક રાજા મહારાજાઓ, મંત્રીઓ અને ગૃહસ્થો આવાં કાર્યમાં અનર્ગળ દ્રવ્ય ખરચી આપણે માટે ઉત્તમ દાખલો મૂકી ગયેલા છે. આપણે તો માત્ર તેમને પગલે પગલે ચાલવાનું જ છે. ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વેરાવળમાં દીક્ષાપ્રસંગે મોટી સખાવત

શ્રી વેરાવળમાં એક સારી રકમનો પતિસંબંધી વારસો મળેલ બહેન નંદકુંવરે પંન્યાસજી અજિતસાગરજી પાસે તેટલા દ્રવ્યની પણ મૂર્છા તજી દઇને ચારિત્ર અંગીકાર કર્યું છે. તે બહેનને પંન્યાસજીએ ચારિત્રધર્મ પાળવાની મુશ્કેલી સંબંધી તમામ હકીકત સમજાવી કસોટીએ ચડાવી હતી, પરંતુ તે બહેન તે કસોટીમાં નિર્મળ ઉતર્યા હતા. એમણે પોતાને મળેલા વારસાનો મોહ છોડ્યો છે; એટલુંજ નહિ પણ તેનો ઉત્તમ કાર્યોમાં વ્યય પણ કરી દીધો છે. આધુનિક સમયમાં આવો દાખલો આ પ્રથમજ છે. તેમણે કરેલી સખાવતનું લીસ્ટ નીચે પ્રમાણે—

૩૯૨૦૦) શ્રી આત્માનંદ જૈન શ્રી શિક્ષણશાળા. વેરાવળમાં સ્થાપવા માટે.
૨૫૦૦) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ. પાલીતાણા.
૧૦૦૦) શ્રી માંગરોળ જૈન સભા. મુંબઇ.
૧૦૦૦) શ્રી મારવાડ મેવાડના જીર્ણોદ્ધાર ફંડમાં.
૧૦૦૦) જૈન પુસ્તકો પ્રસિદ્ધ કરવા ખાતે.
૧૦૦૦) શ્રી વેરાવળ શ્રીમાળી સંઘના વાર્ષિક જમણ માટે
૧૦૦૦) શ્રી વેરાવળ બહારકોટ શ્રાવિકાના ઉપાશ્રય માટે.
૭૫૦) શ્રી આદરીગામના દેરાસરમાં સ્નાત્ર માટે.
૭૦૦) શ્રી પાલીતાણા સાતક્ષેત્રમાં. ૫૦૦) શ્રી વેરાવળ પાંજરાપોળમાં
૫૦૦) શ્રી વેરાવળ અમારી પળાવવામાં.
૫૦૦) શ્રી આદરી ગામમાં સાધારણ ખાતે.
૫૦૦) શ્રી વેરાવળ આત્માનંદ જૈન દવાખાનામાં.
૧૦૦૦) શ્રી બાદવા તથા આદરીમાં ઉપાશ્રય માટે.
૫૦૦) શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમ. સોનગઢમાં.
૫૦૦) શ્રી વેરાવળમાં નાતની વાડી માટે.
૩૦૦) શ્રી પ્રભાસપાટણ મહાવીર સ્વામીના દેરાસરમાં.
૨૫૦) શ્રી વેરાવળ વાર્ષિક પૂજામાં. ૨૫૧) શ્રી વેરાવળ દશાશ્રીમાળી જ્ઞાતિમાં.
૨૫૧) શ્રી વેરાવળ શ્રી જ્ઞાનવર્ધક શાળામાં.
૨૫૦) શ્રી ઉનામાં સાધારણ ખાતે. ૨૫૦) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમમ
૨૫૦) શ્રી પાલીતાણા શ્રી વર્ધમાન તપની ઓળીખાતામાં.
૩૦૦) શ્રી વેરાવળ મુનિ સુખસાગરજીની દેરીમાં.

આ શિવાય શ્રી વેરાવળ સંઘને, જગાવાવમાં, કબુતરની ચણમાં, સેવાસમાજમાં. અવેડા બંધાવવામાં. જીર્ણોદ્ધારમાં, સાધર્મી ભાઇઓને મદદમાં ગાયોના ઘાસમાં, પાઠશાળા, મંડળો, સ્કુલો અને સોસાઇટીમાં તથા અનેક ગામોએ દેરાસર તથા સાધારણ ખાતામાં એકંદર સાઠ હજારની સખાવત કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હોળી કેમ ઉજવશો ?

( લેખક—સંઘવી જયંતીલાલ છબીલદાસ. )

હોળીને હવે ક્યાં વાર છે? લાકડા ને છાણાંની ચોરીની શરૂઆત તેજ હોળાના શરૂઆતને સારો કરનારા મોટો ભાગ બાળકોનો હોય છે. બાલ્યાવસ્થામાં જ જાણે અજાણે અનીતિનાં બી રોપાય અને ભવિષ્યમાં તે ભયંકર રૂપ ધારણ કરે તેમાં શી નવાઈ? બાળકો વિગેરે માટે આવી રમત આવશ્યક છે? શા માટે તેમના શુભેચ્છક આગાપો અટકાવે નહિ? ' બાપ મટી સાપ ' થવું છે?

બિભત્સ શબ્દોચ્ચાર કરી અનીતિને માર્ગે પ્રવર્તતી ટોળીઓમાં ભળવું, છાણ મૂત્ર વિગેરે મલિન પદાર્થો માથે ભરવા ભરાવવા, રંગની પીચકારીઓથી વસ્ત્રો તરબોળ કરવા, છાણ માટીથી રમવું વિગેરે શું સભ્ય નરનારીઓનાં લક્ષણ છે કે ભિલ્લ અને કોળીનાં? શું આજ કારણથી નિશાળો વિગેરેમાં રજા પાડવામાં આવે છે? બંધુઓ! જરા વિચારો!

શું તમારે હોળી ખેલવીજ છે? ખેલો, જરૂર ખેલો. તે દિવસે ચાહ, બીડી, તમાકુ વિગેરે વ્યસનોની હોળી કરો. વિશેષમાં તમારા પાપકર્મોને બાળી બાંળી તેની પણ હોળી કરો. સત્યનીતિ અને દયારૂપી રંગથી ભરેલ પીચકારીઓ ખુબ છોડો. તેનાથી સર્વને તરબોળ કરો. જેટલો બને તેટલો જ્ઞાનરૂપી ગુલાલ ઉડાડો અને હોળી ખુબ આનંદથી ઉજવો. પૈસાનું પાણી કરી અને શરીર મલિન કરી, અમૂલ્ય સમયનો વૃથા ભોગ આપી તમે માની લીધેલ હોળીમાં મશગુલ ન બનતાં ઉપર બતાવેલ હોળી ખેલો–ઉજવો. પ્રભુભક્તિ અને સત્કાર્યો કરવામાં સમય વ્યતિત કરવો અને પાપકર્મ ખપાવવા એજ તે મંગળમય દિવસની આવશ્યક પ્રગતિ હોઇ શકે. એ વાત પડતી મૂકો કે તે દિવસે ભુંડા બોલી, ચોરીઓ કરી હોલિકા દેવીને પ્રસન્ન રાખવીજ જોઇએ. ભાંગ પણ પીવીજ જોઇએ. આ માટે બંધુઓ! આવો ઘેલછા ભર્યો અર્થ સ્વીકારો છો? હોળી તો એવી ઉજવો કે જેથી આ ભવ તેમજ પરભવનું સાર્થક થઇ જાય. સાંભળો! " શાસ્ત્રી મણિકાન્ત " શું કહે છે?

હશે નરનાર નિર્લજ્જ જે, ઉઘાડા ફાગ તે ગાશે;
શરીરે રાખને ચોળી, અહાહા!! આજ છે હોળી. ૧
બને છે કૈક જન ઘેલા, બજારે ભાખતાં ભુંડું;
મળી દશવીશની ટોળી, અહાહા!! આજ છે હોળી. ૨
ભરે છે ધૂળ માથે કે, રમે છે છાણ માટીથી;
ભલા એ ભિલ્લ કે કોળી, અહાહા!! આજ છે હોળી. ૩
હશે સજ્જન અને ડાહ્યા, હરીને હેતથી ગાશે;
હૃદયને ભક્તિમાં રોળી, અહાહા!! આજ છે હોળી. ૪

* આ લેખ ફાગણ માસમાં આવેલ છતાં તે અંકમાં દાખલ થયેલ નહીં, તે જરૂરનો લાગવાથી આ અંકમાં નાખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી અઢાર પાપસ્થાનકની સઝાય તથા બાર ભાવનાની સઝાય અર્થ રહસ્ય સાથે.

આ બધી સઝાયો ખાસ કરીને કરવા લાયક છે. તેનું રહસ્ય પણ બહુજ સારી રીતે અસરકારક ભાષામાં લખાયેલું છે. આ બુક ખરીદ કરી તે વાંચવાની અમે દરેક જૈન બંધુઓને ખાસ ભલામણ કરીએ છીએ. અન્યદર્શની (જૈનેતર) ને પણ વાંચતાં પ્રેમ ઉપજે તેમ છે. વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે ખાસ ઉપયોગી છે. બાર ભાવના પૈકી અશુચિની છ ભાવના તો માંદગી વિગેરે પ્રસંગમાં વારંવાર કહેવામાં આવે છે. આ બીજી આવૃત્તિ છે. કિંમત સૌ લાભ લઈ શકે માટે પડતર આઠ આનાજ રાખવામાં આવેલી છે.

પોસ્ટેજ એક આનો બેસે છે મંગાવનારે નવ આના મોકલીને મંગાવવી.

શેઠ નરોત્તમદાસ ભાણજીએ નકલ ૨૫૦ ખાસ ભેટ આપવા માટે રાખેલી છે.

---

## જીવના ૫૬૩ ભેદોનું રંગીન વૃક્ષ.

આ વૃક્ષ જીવના ભેદ સમજવાની ઇચ્છાવાળાને ખાસ ઉપયોગી છે. જીવ-વિચાર વાંચનારને જરૂરનું છે. દરેક જૈનશાળા ને કન્યાશાળામાં બોર્ડ ઉપર ચોડીને રાખવા લાયક છે. અમે બોર્ડપર ચોડેલાં ચાર આને આપીએ છીએ, પણ તેવી રીતે પોસ્ટમાં મોકલાય તેમ નથી. છુટા કાગળના મંગાવનારને માટે બે આના. પોસ્ટેજ અડધો આનો જરૂર મંગાવો.

---

## પ્રતિક્રમણના હેતુ.

આવૃત્તિ બીજી. કિંમત આઠ આના.

પ્રતિક્રમણ કરનારા દરેક બંધુઓએ શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરતાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરનાં સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ આપે તેમ છે. આવી ઉપયોગી બુક સાધુસાધ્વીએ પણ જે એ ગ્રંથ વાંચી ન શકે તેમને વાંચવા યોગ્ય છે.

(હાલમાં બહાર પડ્યા છે).

—: નવા જૈન પંચાંગ :—

સંવત ૧૯૭૯ના ચૈત્રથી સંવત ૧૯૮૦ના ફાગણ સુધીના જૈન શૈલી પ્રમાણે તિથિઓની વધઘટ અને જૈન પર્વોને પ્રદર્શિત કરનાર. તિથિ પર્વને આરાધનારા બંધુઓને ખાસ રાખવા યોગ્ય. શ્રી વિજયધર્મસૂરિના ફોટાવાળું.

કિંમત ૦-૭-૯ પાઈ. પોસ્ટેજ ૦-૦-૧

[illegible] ના [illegible] [illegible] [illegible] નવી બુક [illegible]

[illegible] [illegible] ચાર આનાથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ.

આ બુક અમારા તરફથી હાલમાંજ બહાર પડી છે. તેની અંદર ચૈત્યવંદનો, સ્તવનો, સઝાયો તથા સ્તુતિઓ વિગેરેનો બહુ સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. ઘણે ભાગે અપ્રસિદ્ધ અને નહીં છપાયેલાજ ચૈત્યવંદનાદિ લેવામાં આવ્યા છે. આ બુકમાં સાધ્વીજી લાભશ્રીજીનો ઘણોજ પ્રયાસ છે; તેમના પ્રયાસનુંજ આ પરિણામ છે. ૧૬ પેજી ૪૦૦ પૃષ્ઠની પાકા સુંદર પુંઠાથી બંધાયેલી બુકની કિંમત માત્ર રૂ. ૧)જ રાખવામાં આવી છે. કારણકે તે બુક છપાવવામાં શ્રાવિકાઓની સારી સહાય મળેલી છે. ખરીદ કરીને વાંચવા ભણવા લાયક છે. મોટો ભાગ તો ભેટ આપવામાં આવનાર છે. પોસ્ટેજ રૂા. ૦-૪-૦ લાગે તેમ છે. છપાવવામાં સુંદર ટાઇપો વાપરવા ઉપરાંત શુદ્ધતા ઉપર પણ સારૂં ધ્યાન આપવામાં આવેલ છે.

## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી.

### હેડ ઓફીસ—ભાવનગર.

### સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.

સં૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી.

રૂા. ૫૦૦૦૦) પચાસ હજારની. એક ટીકીટની કિંમત રૂા. ૧)

પહેલું ઇનામ રૂા. ૫૦૦૦) પાંચ હજારનું મેળવવાને ભાગ્ય અજમાવો.

આ લોટરીના રૂા.૫૦૦૦૦)માંથી રૂ.૨૦૦૦૦) ઇનામમાં વહેંચવાનું ઠરાવવામાં આવ્યું છે. તે વીશ હજાર રૂપીઆનાં ઇનામોની સંખ્યા ૩૯૩૭ રાખવામાં આવેલ છે. ખાસ ખરીદ કરો.

કુંવરજી આણંદજી<br>
વલ્લભદાસ ઉત્તમચંદ<br>
ચીફ સેક્રેટરીઓ.

## શ્રી આઠ દ્રષ્ટિની સઝાય વિગેરે સંગ્રહ.

આ બુકમાં આઠ દ્રષ્ટિની સઝાય બાળાવબોધ સહિત આપવા ઉપરાંત છુટા બાકસો ૧૪૫, ગિરનારજીની તીર્થમાળ, આત્મશિક્ષા ભાવના, અધ્યાત્મ બાવની અને દયાછત્રીશી આપવામાં આવેલ છે. આત્મહિતના જીજ્ઞાસુઓને માટે દરેક વસ્તુ ખાસ ઉપયોગી છે. કિંમત છ આના. પોસ્ટેજ દોઢ આનો. આ બુકની નકલ ૫૦૦ અમારી સભાના પ્રમુખ તરફથી તેમના સદ્ગત પત્નીના શ્રેયાર્થે ભેટ આપવાની છે. તેથી સાધુ સાધ્વી અને સંસ્થાઓ વિગેરેને ભેટ આપવામાં આવશે. સંસ્થાઓ વિગેરેએ પોસ્ટેજનો દોઢ આનો મોકલવો.

## શ્રી વીતરાગ–મહાદેવસ્તોત્ર વિગેરે સંગ્રહ.

આ બુકમાં શ્રી વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશ અને મહાદેવ સ્તોત્ર મૂળ, ભાષાંતર ને અનુવાદ સાથે આપેલ છે. ઉપરાંત કુમારપાળ વિરચિત જિનેંદ્રસ્તુતિનો અને રત્નાકર પચ્ચીશીનો અનુવાદ આપવામાં આવેલ છે. કુમારપાળ ને હેમચંદ્રાચાર્યનો તથા મહારાજ શ્રી બુટેરાયજી ને કપૂરવિજયજીનો ફોટો આપવામાં આવેલ છે. નકલ ૧૦૦૦ અમારા પ્રમુખે તેમના સદ્ગત પત્નીના શ્રેયાર્થે છપાવેલ છે. તેથી સાધુ સાધ્વી તેમજ ઉત્તમ શ્રાવક શ્રાવિકાઓ અને સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. શ્રાવકો તેમજ સંસ્થાઓ વિગેરેએ પોસ્ટેજનો એક આનો મોકલીને મંગાવવી. ધ્ર રૂં


For Private And Personal Use Only